શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ–૬

# નિહારિકા

(કાવ્યસંગ્રહ)

રમણલાલ વસંતલાલ દેસાઈ, એમ. એ.

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

## ❊ સંપુટ-૧

### નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

## ❊ સંપુટ-૨

### નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

## ❊ સંપુટ-૩

### કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

### નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બહાવરો ★ વિદેહી ★ સંયુક્તા

## ❊ સંપુટ-૪

### પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧-૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન-ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવસૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

### ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા - સાહિત્ય - સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંજલિ - હું લેખક કેમ થયો?

# અર્પણ

જેમના અમર સાહિત્યનો હું ભારે ઋણી છું એ
સ્વમાન અને સ્વાર્થત્યાગની જ્વલંત મૂર્તિ રૂપ

**કવિવર ન્હાનાલાલ દલપતરામ કવિને**

રમણલાલ

DESAI, Ramanlal V.
NIHARIKA, Poetry
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·471

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ—મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૪૦–૦૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

કણ કણને કાંકરે ને
પળ પળને ચોકઠે,
બાંધી મહેલાતો નાથ ન્યારી હો જી.

જુગજુગની જાતરામાં
ઝાંખી ઝગમગતી થાવા,
ઉઘાડી રાખો એક બારી હો જી.

## પુનર્મુદ્રણની પ્રસ્તાવના

'નિહારિકા'નું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ થાય છે તેથી અંગત રીતે આનંદ જ થાય. આ પ્રસંગે એટલું નોંધતાં હર્ષ થાય છે કે ટૂંક સમયમાં ભાઈસાહેબનાં કાવ્યોનો બીજો સંગ્રહ પણ પ્રસિદ્ધ થશે. કવિ તરીકે એમનું સ્થાન ક્યાં આવ્યું? એમણે કરેલા છંદપ્રયોગો, રસસર્જનના અખતરા, કવિતા અને સંગીતનાં સુભગ સંમિશ્રણમાંથી વિકસેલી ભક્ત-કવિઓના સમયથી ચાલી આવેલી પ્રણાલિકાને માર્ગે જ કરેલાં ગેય કાવ્યોનાં વિવિધ પ્રકારનાં સર્જન અને વિધવિધ વસ્તુની છણાવટ, મારા મત પ્રમાણે બારીક વિવેચન માગે છે. એમનું કવિ તરીકે યોગ્ય મુલ્યાંકન થાય એટલું જ ઇચ્છીશ.

૫–૧૦–૫૬ **અક્ષયકુમાર ર. દેસાઈ**

**ભાગલપુર** (બિહાર)

## પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

'નિહારિકા' મારાં પ્રકાશનોમાં ચોથો કાવ્યસંગ્રહ છે. ઇલાકાવ્યો, કાવ્યમંગલા અને ગંગોત્રીને જે અપૂર્વ સત્કાર મળ્યો તેથી, કવિતાનાં પુસ્તકોનું પ્રકાશન માથે પડે છે, કવિતાસંગ્રહોનું વેચાણ બિલકુલ થતું નથી એ માન્યતા ખોટી પડી, અને ગુજરાતને માથેથી બેકદરદાનીની એટલી નામોશી ઓછી થઈ.

'શંકિતહૃદય' નાટકમાંનાં ગીતો શિક્ષિત સમાજમાં ખૂબ લોકપ્રિય થયાં છતાં શ્રી. રમણલાલની કાવ્યરચનાથી ગુજરાત કોણ જાણે કેમ, અજાણ્યું જ રહ્યું. નવલકથા અને નવલિકાના સફળ લેખક

તરીકે એમનાં લખાણો માટે પડાપડી કરનાર તંત્રીઓને શ્રી. રમણ-લાલ કવિ પણ છે એ ખ્યાલ સુધ્ધાં ન આવ્યો. ૧૯૩૪ની આખરે એક દિવસ વાતવાતમાં મેં સહજ પૂછ્યું કે 'તમે છંદોબદ્ધ કવિતા કેમ નથી લખતા?' એમણે તુર્ત જ મને 'ધૂમકેતુ' અને 'જલિયાં-વાલા' સંભળાવ્યું. શ્રી સુન્દરમનું 'ધૂમકેતુ' કાવ્ય મારા મનમાં તાજું જ હતું. શ્રી. રમણભાઈનાં કલ્પના અને નિરૂપણ મને ખૂબ ગમ્યાં અને 'જલિયાંવાલા'ની છેલ્લી કડી તો કેમ્પથી ઘેર આવતાં ફેરવી ફેરવીને અનેક વાર મનમાં યાદ કરી. ત્યાર પછી વચ્ચે સંજોગો બદલાયા અને હાથમાં લેવા ધારેલું પ્રકાશન છેક ૧૯૩૫ આખરે ગુજરાત સમક્ષ મૂકી શકું છું.

શ્રી. રમણભાઈએ છંદોબદ્ધ કાવ્યો કરતાં લયબદ્ધ સંગીત-કાવ્યો વધારે લખ્યાં છે. એમનું રુચિતંત્ર જ સંગીતપ્રિય છે અને છંદરચનામાંથી પણ કોઈ કોઈ વાર સંગીતપ્રધાન રચના તરફ ઢળી જાય છે. પરંતુ બંને પ્રકારમાં કલ્પનાની ભવ્યતા અને પ્રસાદ એક-સરખાં ભર્યાં છે. સુકોમળ પ્રેમાળ દિલનો ગૂઢ ચિંતનમાં પણ ઊર્મિઆવેશ તરફ વધારે ઝોક હોય છે; શ્રી. રમણભાઈ પહેલેથી જ શ્રી. ન્હાનાલાલની કાવ્યસમૃદ્ધિના પ્રશંસક હોઈને 'નિહારિકા'માં સંગ્રહાયેલી એમની કૃતિઓમાં વિચાર કરતાં ઊર્મિનું પ્રાધાન્ય વિશેષ લાગે અને પરિણામે અત્યારના નવી કવિતાથી એ જુદી પડી આવે, એમ બનવા સંભવ છે.

પરંતુ એનો નિર્ણય અને મૂલ્યાંકન કરવાનું કામ વિવેચકોને માટે રહેવા દઈ, 'નિહારિકા'ને ગુજરાત સમક્ષ મૂકતાં મિત્રધર્મ અદા કર્યાનો આત્મસંતોષ માની લઉં છું.

મૂળશંકર સોમનાથ ભટ્ટ

# અનુક્રમ


| વિષય | પાન |
|---|---|
| **૧ નિહારિકા** | ૧ |
| **૨ વીરકાવ્યો** | ૭ |
| ૧ જંગ જામ્યો | ૮ |
| ૨ શૂર સિપાહી | ૧૦ |
| ૩ હિંદમાતા | ૧૨ |
| ૪ ગુર્જર વીર | ૧૩ |
| ૫ સાચના સિપાઈ | ૧૫ |
| ૬ ઇંધન ખૂટ્યાં હો ! | ૧૬ |
| ૭ મારો રાજવી | ૧૮ |
| ૮ હિંદુસ્તાન ! | ૨૦ |
| ૯ ધૂમકેતુ | ૨૧ |
| **૩ બુદ્ધનો ગૃહત્યાગ** | ૨૫ |
| **૪ ચિંતનગીત** | ૩૬ |
| ૧ જનનયને જલ | ૩૭ |
| ૨ જીવનવહેણ | ૩૮ |
| ૩ શું કરું ? | ૩૯ |
| ૪ અંધકાર ઊભરાય | ૪૧ |
| ૫ નેહ | ૪૨ |
| ૬ મૂંઝવણ | ૪૩ |
| ૭ ભસ્મીભૂત | ૪૪ |
| ૮ આંખે પડદા | ૪૫ |
| ૯ ખાલી ઝોળી | ૪૬ |
| ૧૦ તોફાન | ૪૭ |
| ૧૧ રસજ્યોત | ૪૮ |
| ૧૨ પ્રેમ કે કામ ? | ૪૯ |
| ૧૩ એક પ્રશ્ન | ૫૦ |
| ૧૪ ભાગ્યવાન | ૫૨ |
| ૧૫ આખર સલામ | ૫૩ |
| **૫ કલ્પનાગીત** | ૫૭ |
| ૧ માયામોહિની | ૫૮ |
| ૨ વનલીલા | ૬૦ |
| ૩ ચંદ્રને પ્રશ્ન | ૬૧ |
| ૪ મંગલ સંકલ્પ | ૬૩ |
| ૫ સુહાગી દશ્ય | ૬૬ |
| ૬ મુખડે ફૂલ | ૬૮ |
| ૭ નાની શી હોડી | ૭૦ |
| ૮ અભિલાષા | ૭૨ |
| ૯ વનદેવી | ૭૪ |
| ૧૦ ચંદ્રીનું વિયોગગીત | ૭૫ |
| ૧૧ આદર્શ મૂર્તિ | ૭૬ |
| ૧૨ કવિતા | ૭૭ |

# અનુક્રમ


| વિષય | પાન |
|---|---|
| ૬ **સ્નેહગીત** | ૮૦ |
| ૧ નયનનૃત્ય | ૮૧ |
| ૨ ઘેલી ગોપી | ૮૨ |
| ૩ ઝુલાવો ધીમે ? | ૮૩ |
| ૪ યુગલ હંસ | ૮૪ |
| ૫ ભોળી કુમુદિનીને | ૮૫ |
| ૬ નીંદમાં ઝૂલો | ૮૬ |
| ૭ પનઘટ | ૮૮ |
| ૮ અંતરના સ્નેહ | ૮૮ |
| ૯ મુજ અંતર ડગમગ થાય | ૯૦ |
| ૧૦ શાને વીંધો, મદનરાજ ! | ૯૧ |
| ૧૧ પનિહારીને સાદ | ૯૨ |
| ૧૨ કોયલડી ! | ૯૩ |
| ૧૩ ખંડિતા | ૯૫ |
| ૧૪ પધારો પિયુ ! | ૯૬ |
| ૧૫ એ તે પ્રિય વસન્ત ! | ૯૭ |
| ૧૬ શું દઈએ ? | ૯૮ |
| ૧૭ રસમૂંઝવણ | ૯૯ |
| ૧૮ મુરલી | ૧૦૦ |
| ૧૯ રસડોલન | ૧૦૨ |
| ૨૦ શું ભાભો તાકી ? | ૧૦૪ |
| ૨૧ જિગર ખાલી | ૧૦૫ |
| ૨૨ રાતલડી | ૧૦૬ |
| ૨૩ સન્દેશ | ૧૦૭ |
| ૨૪ નિરાશા | ૧૦૮ |
| ૨૫ ચોર ઊભા | ૧૦૯ |
| ૨૬ આશા | ૧૧૧ |
| ૨૭ જોગીને સંદેશ | ૧૧૩ |
| ૨૮ વિધવા | ૧૧૪ |
| ૭ **પ્રકીર્ણ** | ૧૧૭ |
| ૧ પતન | ૧૧૮ |
| ૨ બાલ ઇચ્છા | ૧૧૯ |
| ૩ જીવનનાં તેજ | ૧૨૦ |
| ૪ ઘંટી | ૧૨૧ |
| ૫ ગુલામોનું ગીત | ૧૨૨ |
| ૬ ચાલ્યો તું તો શહેરમાં ! | ૧૨૪ |
| ૭ ગામડિયા | ૧૨૬ |
| ૮ ચીલો સમાર | ૧૨૮ |
| ૯ બાલાગીર | ૧૩૧ |

| વિષય | પાન |
|---|---|
| ૧૦ દેવો મજૂર | ૧૩૩ |
| ૧૧ કલાપીને | ૧૩૭ |
| **૮ ભક્તિગીત** | ૧૪૦ |
| ૧ પાર ઉતારો | ૧૪૧ |
| ૨ ઈશ કે અલ્લા ? | ૧૪૨ |
| ૩ મનને | ૧૪૩ |
| ૪ રામનામ | ૧૪૪ |
| ૫ ઘટઘટમાં રમે | ૧૪૫ |

| વિષય | પાન |
|---|---|
| ૬ સૃષ્ટિસમ્રાટ | ૧૪૬ |
| ૭ પ્રાર્થના | ૧૪૮ |
| ૮ તુંહી તુંહી | ૧૫૧ |
| ૯ ગગનોના ઘુમ્મટ બાંધ્યા | ૧૫૨ |
| **૯ જલિયાનવાલા બાગ** | ૧૫૫ |
| **૧૦ નોંધ** | — ૧૬૮ |



મુદ્રણો

પહેલી આવૃત્તિ : ડિસેમ્બર ૧૯૩૫

પુનર્મુદ્રણ : નવેમ્બર ૧૯૫૬

**ત્રીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષે મે : ૧૯૯૨**

પ્રત : ૭૫૦

# નિહારિકા

✻

રમણલાલ વ. દેસાઈ

# નિહારિકા

જ્યાં માનવ બુદ્ધિ અટકે,
નવ કવિકલ્પના ખટકે,
ત્યાં વિરાટ ચેતન જાગી ઊઠ્યું
ફેલાવી સ્થળના પાટ;
તે ઉપર રચિયા ગોળ ઘુમ્મટો
કેરી કાળની છાટ.

વહ્યા ત્યાં પ્રકાશ કેરા ધોધ,
ઘૂઘવે વર્તુલ વમલ અમોઘ;
ઝબકતી પ્રચંડ અગ્નિજ્યોત,
ઉડાડે ઝગમગતા ખદ્યોત.

જ્યોતિ તણે પડછે ઊભરાયાં
શ્યામલ ઘોર તિમિર;
અગ્નિ તણે ભડકે ભડકે
સંતાયા શીત સમીર.

ઊપડ્યા મહા ઝંઝાનિલ,
મંથનો ફેલ્યાં ઘોર નિખિલ.
ગતિ ત્વરિત, વિકાસ અથાગ, ફાલી અવકાશે
એ જ્યોતિતિમિરનાં દ્વંદ્વ દોડતાં શર્તજીત આશે.

પણ સ્થલના પાટ અસીમ;
કાલનું અભેદ્ય વર્તુલ ભીમ!

જરી થંભ્યા અગ્નિ પ્રવાહ;
બનિયા ઘટ્ટ જ્યોતિર્દાહ.
પ્રકાશના સિંધુ જરી થીજ્યા,
જામ્યા જ્યોતિર્દ્વીપ;
નિહારિકાના અગ્નિખંડો
ઘૂમતા દૂર સમીપ.

સૃષ્ટિની સ્થિરતાનાં મંડાણ;
અસીમ અવકાશે ભવ્ય પ્રયાણ—
કોટિ મહાકોટિ પ્રકૃતિખંડ—
મહાબલ મહાકાય ગતિચંડ!
તો ય અથાગ મહાઅવકાશે
સિંધુ બિંદુસમ સ્વલ્પ.
નટનટી બની પદઅંગુલી ઉપર
નાચે નાચ અકલ્પ્ય.

ઘુમાવી દેહ ઘૂમી સહુ સાથ,
પરસ્પર ભરી રંગભર બાથ,
છૂટી વીખરી વળી યુગ્મ રચાય,
નૃત્ય સહ ગીત ગભીરાં ગાય.
રસમસ્તી તણી ભરતીમાં ઊડતાં અંગથકી ઉપઅંગ;
દૂર દૂર દોડંતા રમતા દેહ તણા શતખંડ.

બને એ ભિન્ન છતાં ય અભિન્ન;
તેજબલગતિના એક જ ચિહ્ન!

એમ ત્યાં ઉપન્યા અનંત ગોલ,
ઘૂમી ફરી રહ્યા ચક્રહિંડોલ.
રંગ અને રચના મોહક વળી
દ્વિગુણિત ગતિના રાસ;
ઝબકે મલકે રાશિ અને
નક્ષત્રો ભરી અવકાશ,

મહીં નાનકડો તારક એક,
ધરીને નિહારિકાની ટેક,
નાચતો વેરે અગ્નિબુંદ,
ઝબોળે સ્ફુલ્લિંગ શીતલ કુંડ.
વિકસે એમાં થકી ગૃહમાલા
ઝીલી સૂર્યના રંગ;
ગૃહમાલામાં ઘૂમતી પૃથ્વી
ધરી લલાટે ચંદ્ર.
ધ્રુવ ભણી તાકી તાકી એ ફૂદડી ફરતી જાય;
સવિતાનાં મહાવરેણ્ય કિરણો ઝીલતી એ ઝબકાય.

જીવનના રાસ અહો અણમૂલ,
ભ્રમણનાં ચિતરાતાં વર્તુલ.

૪

ગતિ વળી આકૃતિ વર્તુલ ગોલ,
પૃથ્વીનાં પરિક્રમણ અણબોલ.
ગોલક તત્ત્વ મહીં ગોલાર્ધો
આપોઆપ સમાય,

તેજકિરણુ ઝીલતાં વહેંચતાં
રાત્રિ દિવસ રચાય.
તેજ તિમિર ઝીલતી પૃથ્વીમાં પંચતત્ત્વના ખેલ,
જડમાં પણુ સંતાતા સુપ્ત જીવનની પ્રગટી વેલ.

પશુ પન્નગ જળચર ખગ કીટ :
સર્વમાં ઊઘડે જીવનમીટ.
અતિ અકળ સૃષ્ટિસંયોગ;
જીવનના અદ્ભુત ભવ્ય પ્રયોગ !

દેહ દેહ યોનિ યોનિ ગૂંથી
જન્મમરણુની જાળ;
સર્ગવિસર્ગની વચ્ચે ઊતરે
જીવનકેરા ફાલ.

સૃજનને બાંધી સજીવન દોર
અહંના ઊછળતા અંકોર.
દેહમર્યાદિત જીવનવિકાસ–
સજીવ સૃષ્ટિના વિવિધ વિલાસ !

અહં ઊર્મિની ટોચે ઝળકયો
નાનકડો મનુવંશ;
નિહારિકા ને નિહારિકાના
સર્જક કેરા અંશ
અહો, ઊતર્યા એ માનવ દેહ !
સૃષ્ટિના અર્થ તણો શું મેહ ?

૫

જ્યાં માનવ બુદ્ધિ અટકે,
જ્યાં કવિકલ્પના ખટકે,

ત્યાં વિરાટ ચેતન જાગી ઊઠ્યું
ફેલાવી સ્થળના પાટ.
એ સ્થળ પર રચિયા ગોળ ઘુમ્મટો
કોરી કાળની છાટ.
ધરીને બુદ્ધિ તણી એ આંખ,
ચઢીને મહાકલ્પના-પાંખ,

વિરાટ લેવા બાથ મહીં
માપે એ સ્થળની વાટ,
ધીટપણે ડગ ધરી માનવી
ચઢે કાલના ઘાટ.

ત્યાં ઝણઝણી ઊઠ્યો એક તાર,
ભરે સંવાદ સકળ સંસાર.
પરોવે એકસૂત્ર બ્રહ્માણ્ડ,
એક મહાકાવ્યે ગૂંથ્યા કાણ્ડ.

પ્રકાશના મહાપુંજ થકી માનવની ન્હાનલ આંખ–
એક તેજતારે સંધાયાં–તણખા ને વળી ખાખ!
તેજનો ભર્યો સર્વ સંભાર;
પ્રકૃતિ જળજળબંબાકાર.

૬

તિમિર ને તેજ તણાં મહાતત્ત્વ,
જન્મમૃત્યુનાં કરાલ સત્ત્વ,
હાસ્યઅશ્રુના પ્રબલ પ્રવાહ,
મહીં ઘૂમતી માનવની નાવ.

ચંદ્ર સૂર્ય નક્ષત્ર રાશિ ને
નિહારિકાને તીર,
માનવ નાવ જતું લ્હેરાતું
કાપી કાલનાં નીર.

અસીમ સ્થલપાટે કોણ રમંત ?
કાલની કલગી કોણ ધરંત ?
અવિક્રીય સત્ય અનંત અગાધ
ગુહાશય નિષ્કલ કોણ અબાધ ?

બુદ્ધિ કલ્પના અટકી પીગળી
ભાવ મહીં રેલાય;
એ ભાવ મહીં બ્રહ્માણ્ડઐક્યનાં
શુભ સંગીત સુણાય.

જીવન મૃત્યુ પ્રકાશ તિમિર એ શમતાં જ્યોતિબિંબ !
માનવતા પૂછે જગ શું એ બિંબ તણું પ્રતિબિંબ ?

અહો એ નિહારિકાના રાસ !
અહો એ તેજતિમિરનાં હાસ !
ઝીલતો માનવીનો સમુદાય,
સર્જને મહાઐક્ય ઊભરાય !

# વીર કાવ્યો

# જંગ જામ્યો

હે...
જંગ જામ્યો! જાગજો!
શુભ શાન્તિના સંગ્રામ! ધરી
કેસર તણા પરિધાન,
હે વીર જાગજો!

હે...
જંગ જામ્યો! જાગજો!
નથી શસ્ત્ર કે નથી અસ્ત્રને ઝળકાવવાં;
મૃત્યુભયે નથી દુશ્મનો ચમકાવવા;
દુશ્મન વિહોણા યુદ્ધમાં
અર્પી તમારા પ્રાણ
હે વીર જાગજો!

હે...
જંગ જામ્યો! જાગજો!
બહુ વેર ને બહુ ઝેર વિશ્વે વ્યાપિયાં;
અસી ખેલીને અગણિત શીર્ષો કાપિયાં;
બાજી ઝૂંટાઝૂંટની રમ્યા
અનહદ ધરી અભિમાન.
હે વીર જાગજો!

હે...

જંગ જામ્યો ! જાગજો !

સૂકી ગયાં નદ પ્રેમનાં, વહેતાં કરો.
સૂકાં રણો મહેરામણે લીલાં કરો.
કુરબાનીમાં ધરી શીર્ષ,
ગજવો ગુર્જરીનું નામ.
હે વીર જાગજો !

હે...

જંગ જામ્યો ! જાગજો !

# શૂર સિપાહી

વીર રસે રસબસ સહુ બનીને, કુમ્‌કુમ આંકી ભાલ,
સાચ તણી સમશેર હસ્તમાં, ક્ષમા તણી ધરી ઢાલ;
શૂર સિપાહી આવો!
ક્ષત્રીવટનો શુભ લ્હાવો
જગને નૂતન બતલાવો,
યોજીને વ્યૂહ વિશાળ!

ધર્મ તણો ગગને તેજસ્વી ફરકાવો ધ્વજ શ્વેત,
બંધુભાવની વીરગર્જના ગરજી બનો સચેત.
મરવાની મર્દાઈ
દાખવો નિત્ય વીંધાઈ,
હસતાં જખમોને ચાહી
ભેટો મૃત્યુ ધરી વ્હાલ!

દયા તણા ડંકા ગડગડતા, પ્રેમલ તાતાં તીર,
પરિધાનો પરમાર્થ તણાં, ને અળગાં મૂકો શિર.
ન્યાય તણી ધરી બેલ,
જીવનમુક્તિના ખેલ
ખેલો સંયમથી સ્હેલ,
ભેદીને તિમિર કરાલ!

રણમાં ઊતર્યો વીર કદી નહિ પગ પાછો ધરનાર,
ધીર ધસ્યો એ જાય જંગમાં ચોટ નહિ ચૂકનાર.

રણમાં જીત્યો ફ્હાવે;
પ્રભુસ્મિતને બહલાવે,
જયલક્ષ્મી પહેરાવે
એને મનહર વરમાળ !

# હિંદમાતા

○ લાવણી ○

એ એ જ અમારી માત પુનિત રઢિયાળી
જંગ ઝંખવતી અહ ! ઊભી પ્રકાશિત ખાળી.
એ જુઓ, ગગનપટ ફોડી ધ્વજા ફરફરતી :
સ્મિત દિગંત ઝરતી માત વત્સલા મૂર્તિ.

ઘૂઘવે રત્નાકર રત્નભર્યો નિજ ખોળે,
જગમુકુટ હિમગિરિ ઊભો ગગનને તોળે.
જગજનતાનાં શિર ઝૂકે માતને ચરણે,
સહુ તૃષા નિવારે હિંદપ્રેમને ઝરણે.

જુઓ હિંદ તણાં સંતાન દેવસમ સોહે,
ઇતિહાસ હિંદના પ્રેમશૌર્ય પર મોહે.
સહુ સંયમી ને શીલવાન પ્રતાપી પવિત્ર !
વિધિ આલેખે શું જગ પર પ્રભુનાં ચિત્ર ?

જનકુલ ઉદ્ધારતી માત પ્રણામ અનેક !
જય જય જગમાં ચિરકાલ ! માત અહાલેક !

# ગુર્જર વીર

૦ રાગ માઢ ૦

અમે તો ગરવા ગુર્જર વીર!
અમારા તેજી તોખાર અધીર! અમે૦

કેસરીહાક અમારી ભયાનક
ગજવે ગહ્‌વર ગીર;
દુશ્મનના રણરંગી સંગે
ખેલનકાજ અધીર. અમે૦

વિંધ્યાસમ અમ બાહુ ફેલ્યો,
હિંદ ધ્રુજાવે ધીર;
આંખલડીમાં અગ્નિ સમાવ્યો,
કેસરરંગ્યાં ચીર! અમે૦

છાંટી આભ જ્યોત્સ્નમત્ત ઘૂઘવે
ઘેરાં સાગરનીર;
તેને મસ્તક નર્તન ખેલી
બાંધ્યાં બલજંજીર. અમે૦

કાળે કમાન કુટિલ બનાવી,
સૂર્યે ઝબોળ્યાં તીર;
વીજલ ધાર ઘનેથી ઊતરી
ભેટે અમ શમશેર. અમે૦

મૃત્યુના મિજબાન સદાના
પ્રાણ ઉદાર અમીર !
કાળ તણે કુમકુમચાંદલિયે
અમ્મર યશની લકીર. અમે૦

# સાચના સિપાઇ

રસના ભર્યા રે, એ તો રંગના ભર્યા,
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.

માથાં મૂક્યાં છે કાપી હાથ વડે વેગળાં,
જોગણીનાં ખપ્પરોને ભાવે ભર્યાં.
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.

વાજે છે ડંકા ને ગાજે અનાહત,
સોહં સોહં નાદ શંખે પૂર્યા.
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.

તપનાં તો તીર અને ભક્તિતણા ભાલા,
પ્રેમના પટા રમે એ સંતો નર્યા.
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.

ઝૂઝે છે વીરધીર, ખેલંતા મર્દખેલ,
કામક્રોધલોભના ચૂરા કર્યા.
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.

ધારી જે ટેક નેક મરતાં ચૂકે નહિ,
મુક્તિને દ્વાર એ તો જઈને ઠર્યા.
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.

નીરખે છે નેણુ ભરી આતમની જ્યોતને,
એવા મરજીવા સાચા મર્યા:
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.

# ઇંધન ખૂટ્યાં હો !

યજ્ઞે ઇંધન ખૂટચાં હો !
વેદી ખાલી પડતી;
ઘૃતની ધારા તૂટી હો ! સાધુ
રક્ષા જોજો ઊડતી.

યજ્ઞ તણો સંકલ્પ કરી પ્રગટાવ્યો હુતાશન,
રાખો એને ભળભળતો પહોંચાડો ધૂમ્ર ગગન.
યજ્ઞે ઇંધન ખૂટચાં હો !

મન્ત્રોચ્ચારે મંદ બન્યા ઋત્વિજ બ્રાહ્મણ ને હોતા;
યજ્ઞ અટકશે અગ્નિ ઘટચે ! ફળ હાથ ચઢ્યું કચમ ખોતા ?
યજ્ઞે ઇંધન ખૂટચાં હો !
શુભ સંકલ્પો છૂટચા હો !
બ્રહ્મવર્ચસે લૂંટચા, સાધુ !
વ્રતનો ભંગ ન કરીએ.

વનવગડે શોધાવો શાને સમિધ કેરા ભારા ?
હાડચામ ઇંધન ઘનભરિયા હોમો દેહ તમારા.
યજ્ઞે ઇંધન ખૂટચાં હો !

ઘૃત હુતદ્રવ્ય વિનાની મૂંઝવણ સાધુ, શેં સંતાપે ?
રુધિરભર્યો આ દેહઝરો અક્ષય આહુતિ આપે.
યજ્ઞે ઇંધન ખૂટચાં હો !
શીલઝરા શું ખૂટચા હો ?
સાધુ, વ્રતસિદ્ધિને વરીએ.

બલિ ખોળતા, હવિ શોધતા, ઇચ્છો કોને રહાવા ?
પ્રાણ મળ્યો ! શેં નવ હોમો યજ્ઞે ઉચ્ચારી સ્વાહા ?
યજ્ઞે ઇંધન ખૂટચાં હો !

અગ્નિજ્વાલમાંથી ઝળકી યજ્ઞપુરુષ ! જો જાગે.
અગ્નિહોત્રી જ્યાં દેહપ્રાણને ભર આનંદે ત્યાગે !
ઇંધન શાનાં ખૂટચાં હો !
દેહમોહ નવ તૂટચા હો !
પ્રાણ પ્યાર નવ છૂટચા હો !
સાધુ, જ્વાલા ફરી જગાવો !

સોમ પર્ણને ચૂટચાં હો !
વાટી રસને ઘૂંટચા હો !
પ્રાણપાત્ર નથી ફૂટચાં હો !
સાધુ ! અલખ નામ ફરી ગાઓ !

# મારો રાજવી

○ રાગ-કુંજલડી રે સંદેશો અમારો ○

ભાલો ઝગે છે મારા વીરકેરા હાથમાં;
પહોળી રૂપાળી ઢાલ પીઠે લળી,
શસ્ત્રો સજેલ મારો વીર શૂરસાથમાં,
લાંબી વિશાલ આંખે વીજળી ઢળી;
સોહે સદા ય રાજ બખ્તરની બાથમાં.

વીરે કસેલ કેડ વાંકી કટારીએ;
તીર ને કમાન એની ખાંધે ઝૂલે;
ગોરી નિહાળે કૈંક ઊભી અટારીએ,
ખણકે તલવાર એનાં દિલડાં ડૂલે;
વીરના દિદાર દેખી આંખોને ઠારીએ.

વીરને વાઘા સોહે કેસરિયા,
વાંકડી અલકલટ ભાલે રમે રસાળ;
ચાંદાસૂરજનાં તેજ મુખે વેરિયાં,
ધીરી અધીરી એની મદમત્ત સિંહચાલ;
ઝબકે એ પોપચામાં અગ્નિનાં હેરિયાં.

બાણે બિછાવી મારા રાજવીની સેજડી;
રઢિયાળો રાજ રમે યોદ્ધાના વીર રાસ;
શોધે સદા ય શૂર શસ્ત્રઘોષની ઝડી.

માગી રહ્યો એ યુદ્ધ ભૂમિમાંહે નિત્યવાસ,
મોતની બનાવી મારા રાજવીએ ચાખડી.

વીરને વ્હાલાં જુદ્ધનાં નોતરાં,
ઊનાં રુધિર રક્તસ્નાનમાં રિઝાય વીર,
પોઢવા રે માગે એ તો રણુરંગ ચોતરા.
કાપે કે આપે શીશ દિલનો દરિયાવ ધીર;
રાજવીને હૈયે રમે સ્નેહના ઊંડા ઝરા.

# હિંદુસ્તાન

૦ ધૂન ૦

હિંદુસ્તાન ! હિંદુસ્તાન !
હિમમુકુટધર હિંદુસ્તાન !
હિંદુસ્તાન ! હિંદુસ્તાન !
જલધિજલભર હિંદુસ્તાન !

તપધનઓપિત હિંદુસ્તાન !
મુનિમનબોધિત હિંદુસ્તાન !
પાપપ્રકોપિત હિંદુસ્તાન !
સંયમશોભિત હિંદુસ્તાન !

હિંદુસ્તાન ! હિંદુસ્તાન !
જનગણદુઃખહર હિંદુસ્તાન !
હિંદુસ્તાન ! હિંદુસ્તાન !
સંસ્કૃતિનિર્ઝર હિંદુસ્તાન !

પુણ્યપ્રલોભન હિંદુસ્તાન !
અરિગણરોધન હિંદુસ્તાન !
મનુકુલશોભન હિંદુસ્તાન !
આત્મવિમોચન હિંદુસ્તાન !

હિંદુસ્તાન ! હિંદુસ્તાન !
જગતદિવાકર હિંદુસ્તાન !
હિંદુસ્તાન ! હિંદુસ્તાન !
સંભર અભયભર હિંદુસ્તાન !

# ધૂમકેતુ

એ કોણ નમન સંભારે ?
    એ કોણ ઝુકાવે શિર ?
એ નેકી કોણ પુકારે ?
    કાયર અલ્પાત્મ અધીર !

એ કોણ પુકારે 'નમવું ?'
    કોને ધરતા શિરતાજ ?
શું અન્ય જીવનમાં શમવું ?
    નહિ સ્વીકારું હું રવિરાજ !

મુજ હૈયે અગ્નિઉછાળા
    બલ ઝરતું આ મુજ અંગ;
શું સરજ્યાં કરવા ચાળા ?
    આચરવા પામર ઢંગ ?

એ શા દરબારો ભરવા ?
    શી ઝૂકી ભરવી સલામ !
શાં ખમાખમા ઉચ્ચરવાં ?
    રચવા રંગીન ગુલામ !

નમી રવિ રજનીભર ફરવું;
    ઊઠવું ફરી કિરણ પ્રણામ;
પરિક્રમણ વર્ષભર કરવું,
    ઝીલવાં સ્મિત રોજ સુદામ !

દીધાં ડગમાં પગ ધરવો !
નવ ચીલા બહાર જવાય !
એ ભાવ ગમે નહિ વરવો !
એ બંધન નવ સહેવાય !

હું વિકટ માર્ગને શોધું,
હું ચઢું અગમ ગિરિશૃંગ;
હું દેવયાન પણ રોધું,
કરું જીર્ણ પંથનો ભંગ !

તજી દાસ તણાં એ ટોળાં,
રચું નવીન માર્ગ ધરી ધીર;
અવનવા ભયાનક ઝોલા
લઉં બંડખોર બલવીર.

ધિક્ જીવનવિહોણી શાન્તિ !
ધિક્ પરાશ્રયી એ સુખ
પરતેજે દીપતી કાન્તિ,
ધિક્ ધિક્ એ હસતાં મુખ !

હું ગ્રહગરબે નથી ફરતો,
ભમતો ગગને ભરી ફાળ;
હું અણુરમત નથી રમતો
આપીને નિયમિત તાલ.

શું નિયમચક્રમાં ફરવું ?
શે સહેવું ગુરુબેંચાણ ?
શું ડરી ડરી ડગ ભ[illegible] ?
ના [illegible]

. : નિહારિકા

કંકણ ખણખણતી વા...ન
વળી ભાલે ચોડ્યા ચંદ્ર
ઝમકે રંગીન પરિધા...ન !
એ સહુ અશોભન છંદ !

અહ ! મર્દ કદી નવ ધરતો
કુમળા એ બંધનતાર;
હું તપ્ત કવચ ધરી ફરતો
આ નભમંડળ મોઝાર.

હું સ્વયંસ્ફુરણમાં ખીલતો,
ઝગઝગતો સ્વયંપ્રકાશ.
મમ સર્જિત મોજે ઝીલતો,
તોડી યુગભરના પાશ.

હું એકલ – સાથ ન શોધું,
માગ્યું મેં નવ કદી દાન;
હું દયાભાવ અવરોધું,
હું સદા ય ભયથી અભાન.

અવકાશ અરણ્યે ઘૂમતો,
ડૂબતો પાતાળ અનંત;
ગ્રહમાળામાં ઘમઘમતો
હું દાશરથી બલવંત.

કંઈ વિરાટ ઝોલા ખાતો
શોધું હું વિશ્વકિનાર;
વળી ખંડિત કરતો જાતો
મહાકાલચક્રની ધાર.

હું અબંધ ગીતા ગાતો,
અણનમ – અણુનિયમનપ્રિય;
દિલ ચાહે ત્યાં પથરાતો,
મનમોજી સ્વચ્છંદ સક્રિય.

મુજ તેજકાય નવ રોધો
પામરતાના ઓ પુંજ!
તમ દરિદ્ર નિયમ ન શોધો,
હું રમતો મુક્તિકુંજ.

બસ, ખબરદાર, અથડાશો,
તમ તનની ઊડશે ખાક.
નવ બંધનનાં ગીત ગાશો;
હું સૃષ્ટિ ચઢાવીશ ચાક.

નવ દેહભંગથી ડરતો,
ફૂટશે અણુગણુ અંગાર;
મુજ શ્વેત કેતુ ફરફરતો
વરસાવે અગ્નિધાર!

# બુદ્ધનો ગૃહત્યાગ

# બુદ્ધનો ગૃહત્યાગ

· વસંતતિલકા · મન્દાક્રાન્તા · અનુષ્ટુપ · શિખરિણી · માલિની ·
· ઇન્દ્રવજ્રા · શાર્દૂલવિક્રીડિત · ભુજંગીઃ

ઘેરા વહે તિમિરઘોઘ ડુબાવી પૃથ્વી,
તો યે ઊડે ગગનમાં કંઈ તેજબિંદુ;
પાર્થિવ જીવન અનેક ડૂબ્યાં તિમિરે;
તેજસ્વી સાધુ તરી જાય તિમિરસિંધુ.

શીર્ષે ઝીલી ગગનપડને ભવ્ય હિમાદ્રિ રાજે!
અંધારું શું ઘનરૂપ ધરી દૃષ્ટિ રોધંત ઊભું?
છો તે રોધે દૃગકિરણને! દૃષ્ટિની દોડ ટૂંકી!
મીચ્યાં નેને ખૂલી જતું મહાવિશ્વવીંટ્યું વિરાટ!

હિમાદ્રિ અંકમાં પોઢ્યું પૂર કો રાજ્યધાનીનું;
ભોગવે રાત્રિની શાન્ત થાકેલાં—જડ ચેતના!

સૂતાં નિદ્રાખોળે મનુજ પશુપક્ષી જલચરો;
ભૂલ્યાં સુખોદુઃખો, હરખ વળી શોકે ય વીસર્યાં;
મિનારા ને મહેલો ગરીબ ઝૂંપડી એક બનિયાં;
બને જે નિદ્રામાં, ક્યમ ન બનતું જાગૃત મહીં?

નહિ નહિ નહિ જાગે ભાન વૈષમ્યનું એ,
વિપરિત પરિતાપે ના જળે સુપ્ત હૈયાં.
સઘન શુભ અભાને દ્વંદ્વ સદે ભુલાયાં;
બળશું ઝળવું એ તો લ્હાવ છે જાગૃતિના.

ભળીઝળી જાગી રહ્યું છતાં યે
અંધારામાં આર્દ્ર અધીર હૈયું,
મૃત્યુપીસ્યાં જીવન કેરી યાતના
સહી શકે ના યુવરાજ આજ.

આકાશિકા લટકતી અવકાશમાં ત્યાં
સિદ્ધાર્થ શોચ કરતો ડગલાં ભરે છે.
નિદ્રા મૂકી, ત્યજી સુકોમલ રંગરાગ,
એ આત્મમંથન થકી બનિયો વ્યથિત.

વ્યાધિગ્રસ્ત મનુજ કો તરફડે; કો કાલદંષ્ટ્રામહીં;
વારિબિન્દુ વિના મરે તરફડી; કો અન્ન પામે નહિ;
ખેંચી, છેતરી, છીનવી, પગ પડી, બુદ્ધિતનુ વેચીને,
દંભે પામી પૂજા અરે મનુજ શું જીવે મરે બ્હાવરો!

વળી યજ્ઞે હોમે થરથરી જતાં પામર પશુ—
નહિ વાચા બુદ્ધિ, પણ જીવિત માટે રડી રહ્યાં.
અરે અગ્નિ માંહે જીવિત તનુને શેં ઘસડવું?
અને રોતા દેહે અરર ઝટકો કેમ ઘસવો?

રેલાતા રક્ત ફુવારે દયાળુ દેવ રીઝતો?
ભસ્મ નિર્દોષ દેહીની ઉડાડયે ઈશ પામીએ?

વાચા વિહોણાં પશુઆર્તનાદે
જાગે કૃપા? કે પ્રભુશાપ ઊતરે?
નિઃશ્વાસ કે શ્વાસ જ ગૂંગળાવતાં
શું સ્વર્ગ ખીલે! નહિ, નારકી બલા!

ચિંતાચાંપ્યાં નયન નમણાં દુઃખશ્રેણી નિહાળે,
હૈયે જાગી ઊંડી ઊંડી મહાવેદનાને વિચારે.

સૃષ્ટિ સૂતી દુઃખ ભુલવતાં કુમળાં નિંદખોળે,
તો યે જાગે પ્રજળી ઊઠતો અન્ય દુઃખે ચુવાન!

ઘૂઘૂઘૂ નાદ તૃપ્તનો ગજાવી શાંતિ ચીરતો,
વૃક્ષેથી ઊડી પ્રાસાદે આવી બેઠો ઉલૂક કો.

કલબલ કરી રોયાં બાપડાં પંખી માળે;
કુમળી નિજ પસારી પાંખ બચ્ચાં સમાલે.
નથી બલ ક્રૂર પંજો મોતનો રોકવાનું;
થર થર થતી દેહે તો ય એ બાલ રક્ષે!

કમ્પી ઊઠ્યું કુમળું હૈયું કુમાર કેરું:
રક્ષિત—તો ય અણુરક્ષિત પક્ષી કોઈ
ખેંચાઈ કાલની કરાલ અઘોર દંષ્ટ્રા–
માંહી શું તૃપ્ત કરશે અરિની બુભુક્ષા!

કલ્લોલતું કૂજતું દોષવિહોણું પંખી
સર્જાયું શું અવર જીવન પોષવાને?—
નિર્દોષ એ જ ખગ જંતુપતંગિયાંને
પીંખી મઝાથી જમતું નહિ શું પ્રભાતે?

પંખી જીવે કંઈક જંતુ પતંગ મારી;
ઉલૂક બાજ ઊછરે ખગને વિદારી;
વૈચિત્ર્ય આ શું? કરુણાભર એક મૃત્યુ
કો અન્યનું સુખભર્યું બનતું જીવિત!

વ્યાપી રહી જીવનમૃત્યુપરંપરા શી?
હિંસાનું તંત્ર ફરતું સઘળી સમષ્ટિ!
જાગ્યું જીવિત—ઝપટાયું કઠોર કાલે!
મૃત્યુ અને જીવનના ગજગ્રાહ ચાલે!

હિંસાની કો મહાજાલે પુરાયું જીવ પંખીડું;
વિસ્તરે પાંખ–તે સાથે વિસ્તરે કાલની કલા.

મૃત્યુ કાજે જીવન ઘડિયાં? આદિના અંત શાને?
આંસુ પ્રેરે કંઈક હૃદયે કેમ વિકરાલ હાસ્ય?
કે એ મૃત્યુ બૃહદ્ જીવને ખૂલનારી ગવાક્ષ?
કે કો વ્યાખ્યા જીવનજલમાં મૃત્યુ વિશ્રામઘાટ?

વિશ્રામઘાટ?—પછી શાની અપાર પીડા?
વ્યાપી રહી મરણુમાં ક્યમ આંસુક્રીડા?
મૃત્યુ ગમે ન નિજનું–ક્યમ અન્ય કેરા
ઘાતે પ્રવૃત્ત બનતી સહુની પ્રવૃત્તિ?

વ્યાધિમાંહી છુપાઈ કાલ ગ્રસતો આનંદતા જીવને;
હિંસા ક્રૂર કુઠારધાર વસીને છેદી રહ્યો ગ્રીવને;
ડૂબે, વિદ્યુતમાં બળે, જળી જતો દેહી કદા પાવકે,
વાર્ધક્યે થકી શૂન્યતા મહીં સરી લોપાય એ મૃત્યુમાં.

વ્યાધિ ગમે ના, નવ ઘાવપીડા,
દાઝ્યાડૂબ્યાની નવ હોંશ કોને;
વાર્ધક્ય એ યૌવન કેરી ભીતિ;
ના કાલને જીવન સાથ પ્રીતિ.

ન શું શોધાયે એ જીવનઝરણીના શમનને?
ન શું કો ઉપાયે મરણ તણી પીડા ટળી શકે?
હશે ક્યાંયે જાદુ જીવન થકી સાંધી નિધનને
ઉઘાડે રોધંતા મૂંઝવણભર્યાં ભાવિ પડદા!

બાણુ શા સુસવાટે એ ઊલૂકે અવકાશમાં
ડૂબકી મારી–માળામાં ચીંચીંકાર મચી રહ્યો!

ઉપાડિયું પંખી શિકારીએ કો!
મૃત્યુ ઊડયું ભીષણ વજ્રપંજે!
કારુણ્યથી કંપી રહ્યા કુમારે
લીધી પ્રતિજ્ઞા બસ મૃત્યુ જોવા!

છૂપાં ઉઘાડાં બહુ મૃત્યુસ્થાનો
નિહાળવા જ્યાં ડગલું ભરે છે.
ત્યાં રાત્રિના અંત પહોર કે'તી
ઘંટા બજી ઘણુંણુ, ગાજી ઊઠી સમષ્ટિ.

પ્રાસાદ ઘેરી રખવાળ ઊભા;
દ્વારે ખડો જાગૃત કંચુકી કો;
આજ્ઞા ઝીલી – કે વળી વિણ આજ્ઞા
સંભાળવા જાગતી ભર્ત્યશ્રેણી!

જરૂર રોકે યુવરાજ કેરી
મૃત્યુ ભણી દોડી રહેલ કાયા;
ના રાજ્યનાં બંધનમાં રહીને
મૃત્યુ અને જીવનની ખરી ઝાંખી થાતી.

નથી નથી વીર હૈયે લાલસા રાજ્ય કેરી;
વિભવ સુખની સામે શૂર દૃષ્ટિ ન ઠેરી;
જીવન જગત આરે ઊભતો વીર ટેરી[1]
ભય ત્યજી સૂણવાને મૃત્યુની કાલભેરી.

કૂદી જઈ શકતો એ મ્હેલ કેરી દીવાલો;
નવ કદી અટકંતા ભર્ત્યરોકયા કુમારો.

---

1 ટેરી=પુકારી

ડગલું નવ ભરાતું! ભારે હૈયે શું જાગ્યો?
મન મૂંઝવતી જાગી ઘેરગભીર વાચા :

'રાજ્યાસનો? અહ, પગેથી ખસેડી નાખું!
લૂંટાવું હું કિરીટ સોનલ રાજદંડ!
ફૂંકે ઉડાડું ઝગતા વિભવો વિલાસો!
રોધે છતાં ખટક કો હૃદયે રહેલી?'

ત્યજી દેવાં સ્હેલાં જડ મુકુટ હીરામણિજડ્યા;
ત્યજી દેવાં સ્હેલાં નીલમમણિનાં આસન મઢ્યાં;
ત્યજી દેવા સ્હેલા નથી નથી અરે સ્નેહકિરીટો!
પ્રભાવન્તાં હૈયાં સમ ન મળતાં આસન કહીં!

વૈરાગ્યથી વળી જગે નિજ વૃત્તિ ચોંટી;
ઊંડાણથી સ્મૃતિ તણા ઝબકાર જાગ્યા;
એ પૂરમાં હૃદય કૂંણું કુમાર કેરું
ભૂલી વ્યથા જગતવ્યાપી તણાયું જાય.

કોનાં હેત વિસારવાં? હૃદયના ભાવો ક્યા ભૂંસવા?
છાપ્યાં સ્નેહલ ચિત્ર નેનપડદે—શી રીતથી લૂછવાં?
કોના મિષ્ટ મધુરવા ટહુકડા કર્ણે પડ્યા વીસરે!
હૈયાં સ્નેહીતણાં વીંધી મનુજ શું કલ્યાણ આશા ધરે?

ઉઘાડી પાંપણો નીચે સ્વપ્નશ્રેણી વહી જતી;
રેલે સ્નેહ તણો સિંધુ—તરે મૂર્તિ પ્રભાવતી.

માતાપિતાની મીઠી આંખમાંથી
વાત્સલ્યના ધોધ વહી રહ્યા છે!
સંદેશ શા શા ઉચરી રહે છે,
પ્રેમાલ પત્નીની અબોલ વાણી!

કાલા મધુરા કંઈ કિલકિલાટે
હાલી રહ્યું બાળક કો હસંતું;
વૈરાગ્યભીના નિજ તાતને એ
જાણે કરંતુ અનિરુદ્ધ સાદ!

મિત્રો તણી શ્રેણી રમી રહી છે,
કટાક્ષની છોળ ઊડી રહી છે;
આનંદ ને ખેલનમાં ઉતારવા
કુમારને એહ મથી રહી છે!

ચઢ્યું તોફાનને ઝોલે હૈયું બે પાસ ઝૂલતું!
વિશ્વસ્નેહ મૂકી પાછું વ્યક્તિસ્નેહ ભણી વળ્યું:

'મારી મૂર્તિ સ્થપાઈ કોક હૃદયે! મેં કોક સ્થાપી દિલે;
અન્યોઅન્ય તણાં બન્યાં પૂજક ને સ્નેહે પ્રતિજ્ઞા લીધી.
શું પૂજા અધૂરી મુકાવી મૂકીને ત્યાગું બધાં સ્નેહીઓ?
ના ના, હૈયું સહી શકે પ્રિયતણા નિઃશ્વાસ ઊના જરા!'

એ સ્નેહબંધન નથી જરી યે શિથિલ.
તોડ્યાં ન તે તૂટી શકે — ન છૂટે ય છોડ્યાં;
છે પ્રેમતંતુ સઘળા મૃદુ ને સુંવાળા;
કિંતુ ન ગ્રંથિ છૂટતી દૃઢ વજ્રની એ!

વિસ્તારેલા ગહન ગગને કો ક્ષણે તે નિહાળે;
કે કો વેળા સ્થિર રહી ઊભો ફેરવે હસ્ત ભાલે;
સંકલ્પોનાં ઊછળી રહેતાં મસ્ત તોફાની મોજાં,
ઝોલાં ખાતું, ડૂબતું, તરતું કુમળું હૈયું એમાં.

પ્રારબ્ધશાં તારક ઝૂમખાંને
નક્ષત્રરાશિની વિચિત્ર ગૂંથણી,

આકાશગંગા વળી તેજપાટશી,
હસી રહે માનવ મંથનોને,

ન હાસ્યની હોડી પ્રકાશરંગી
બની તરાવે ડૂબતા મનુજને?
ગૂઢાશયી પ્રકૃતિતત્ત્વને શું
મનુજ પ્રત્યે સમભાવ ના હશે?

પૃથ્વીના પડછાયામાં ફરતાં ઘન ગોલકો
દઈને દેહઆહુતિ પામે તારક નામને.
રાત્રિની શાન્તિમાં બાળી કાયા પામી પ્રકાશને
ભેદીને ઘન અંધારાં એકાકી તારલો ખર્યો.

અંધારું યે ઝબક્યું ને ઝબકીય પૃથ્વી;
ઝબક્યો ય આત્મન્ સુષુપ્ત કુમારનો ત્યાં!
ક્યાંથી પડે? કહીં પડે? કયમ તું પડે છે?
હેતુ હશે પતનનો કંઈ મિત્ર તારે?

કાર્યને બાહ્ય દૃષ્ટિનો સહસા સ્પર્શ તો થતો,
કિંતુ કાર્ય તણા હેતુ સંતાડે વિધિ સર્વથી.

વીંધી કાર્ય તણાં પડો વિરલ કો ચક્ષુ જુએ કારણો;
એવાં વેધક નેત્ર પાછળ જગે જન્માન્તરોનાં બલો!
ટૂંકી દૃષ્ટિ મથંતી કાંઈ નીરખે ઝીણેરું ઊંડાણમાં;
ખેંચાયો પડદો—વિશાલ નયને હેતુ પ્રકાશ્યા બધા

વ્યક્તિની પાળમાં બાંધ્યાં પ્રેમનાં સર ઊછળ્યાં;
તૂટી માઝા, વહ્યો ત્યાંથી પ્રેમનો જલધિ જગે.

સંબંધ ટૂંકા વળી સ્વાર્થ તૂટ્યા;
વિરાટવીંટ્યા ઊછળે તરંગો;

જ્યહાં જ્યહાં ચેતન હાલતું હતું
અદ્‌ભુત ત્યાં રાજતી દીઠી એકતા.

વનસ્પતિ કીટ પશુ પતંગ
ને માનવી દાનવ દેવ સર્વ :
ઊંચાનીચા ચેતનના તરંગો
નીચે વહે એક મહાન સિંધુ.

વળી સૂતાં કો સ્થળ સિંધુવારિ
પ્રશાન્ત નિદ્રાધીન ઊર્મિહીન :
અરે ન એ તો જડ – ચેતનાની
સુષુપ્તિ – સિંધુનું અભંગ અંગ.

એ સિંધુની માંહી ભળી જવાને
આતુર સિદ્ધાર્થ બની રહ્યો ત્યાં;
સંકલ્પ કીધો ગૃહ મૂકવાનો
લીધી પ્રતિજ્ઞા ગુરુની સમક્ષ.

'ઓ દેવ ! તારક ! ગુરુ ! તમને પ્રણામ !
અજ્ઞાનના પટ ખસેડી પ્રકાશ દીધો !
નેત્રો ભરી નીરખું છું તમ દિવ્ય પંથ;
એ પંથમાં ચરણ આજ થકી ધરું છું.

આકાશનાં મણિજડિત મહાલયોને
ત્યાગી તિમિર હરવા જગમાં પધાર્યા;
તેજસ્વી સ્તંભ રચિયો – ક્ષણમાંહી લુપ્ત !
તો યે પ્રકાશ મુજ અંતરમાં ઝિલાયો.

હું યે મહાલય તજી જગ ઊતરું ને
અજ્ઞાનના તિમિરમાં પૂરું કૈંક તેજ.

એ તેજ છો પળ રહી પછીથી વિલાય !
શું કોઈના નીકળશે નૂર ઝીલનારો ?

ભલે ન ઝિલાય પ્રકાશ મારો,
અજ્ઞાત છો ત્યાગ તણો ઝગારો;
ઘસી પરાર્થે નિજ જિંદગીને
ઉજાળું હું મૃત્યુતણો કિનારો !'

રડ્યું માતસોડે સૂતું બાલ કાલું,
વીંધી નાખતા સ્નેહનું ગૂંથી જાળું;
રખે જાળમાં પાય મુકાઈ જાતો,
વિચારી મહાત્મા ગૃહેથી વિલાતો.

માનવીના મિનારેથી ખર્યો તેજસ્વી તારલો
ઝગે છે જ્યોતિરેખામાં આજે યે આત્મઆહુતિ.

# ચિંતનગીત

# જન નયને જલ

• રાગ - છાયાનટ •

શાને જન નયને જલ ઊભરાય ?
કોમલ કંજ બિડાય હાય !
શાને જન નયને જલ ના સમાય ?

ધુમ્મસ વરસે, જગ સહુ ભીંજે,
નયનો અટકે શ્યામલ પડદે :
રવિકિરણ શું છુપાય ! હાય !
શાને જન નયને જલ ઊભરાય ?

સાખી ]
જગને કયમ જડતો નથી ઇલ્મી કે ન હકીમ !
અંધકાર ઓસારીને રેલે તેજ અસીમ !
શાને જન નયને જલ ના સમાય ?

મહેલાતો જગમાંહે મનભર;
તો ય ગરીબ અછત્ર નિરંતર;
રુદન ઘોર ગવાય ! હાય !
શાને જન નયને જલ ઊભરાય ?

સાખી ]
નર નારી બાલક યુવા સહુનાં નયન ભરાય !
ઉલેચવા અશ્રુ તણો ઉદધિ કોણ ઉપાય ?
શાને જન નયને જલ ના સમાય !

# જીવનવહેણ

○ લલિત છંદ ○

હૃદયથી કરી પ્રિયને જુદાં,
લઈ જવાં અરે જો સ્મશાનમાં;
દગથી ઢોળવી અશ્રુઅંજલિ;
જીવન એમ આ જાય છે વહી !

નયનથી છબી લુપ્ત શું થતી ?
હૃદય સત્ય તે ના સ્વીકારતું;
રડતું, ખોળતું, તે ય થાકતું,
સૂઈ જતું—ફરી અશ્રુ ઢાળવા !

દિવસ વીતશે વર્ષ યે જશે;
કદી મુખે જરા સ્મિત આવશે;
જગત જાણશે દુઃખ તો ગયું—
પણ શું દુઃખના ઘાવ રૂઝતા ?

સ્મરણ સ્નેહીનાં અંતરે છુપ્યાં,
પ્રગટ તે થતાં મધ્ય રાત્રિએ;
ઉશીકું એટલું સાક્ષી અશ્રુની—
જગત જાણશે દુઃખ તો ગયું !

# શું કરું ?

○ છંદ હરિગીત ○

બુલબુલ ઊડ્યું ગુલઝારથી
ગુલ ગુલ બધાં ધરણી ઢળ્યાં;
ગુલશન પડી મારી સૂની,
એ ગુલશને જઈ શું કરું ?

આંબે ન આવ્યો મોગ્ર, ટહુકી
કોકિલા ન સવારમાં,
અભ્ર રવિ ઊગતાં જ છાયો !
શું કરું હું વસંતને ?

નવ સમીર મૃદુ શીળો વહે,
ઊઠે ન ઊર્મિ સર મહીં,
મુજ હૃદય પણ જડ બની રહે;
સરવરતીરે જઈ શું કરું ?

વહાલાં તણાં હૈયાં ન ઊછળે,
પ્રેમ નવ નયને વસે,
પણ એકલા મુખથી હસે,
એ વહાલ લઈ હું શું કરું ?

ફિક્કી બની એ ચંદ્રિકા,
બેતાલ મુજ સંગીત બન્યું,

તંદ્રા ભરી મુજ નયનમાં,
જાગરણુ મહીં હું શું કરું ?

ફૂલ કેવડે કંટક જીરયા,
ચાદર બની અશ્રુભીની,
તકિયે ઊઠે પડઘા રુદનના,
શું કરું હું બિછાતને ?

ગાજે ન પ્રભુનાં ગાન,
મન ગળી જાય પ્રભુતામાં નહીં;
હૃદયે વિકાર જડયા રહે, તો
મંદિરે જઈ શું કરું ?

દિલમાં પડયા કારી જખમ,
મરહમ નથી ઘા રુઝવવા,
હૈયા મહીં કળ નથી વળી;
રોયા વિના બીજું શું કરું ?

જાગે ભૂતાવળ કબ્રથી,
સંસાર શયતાને ગ્રહ્યો,
નવ શાન્તિ જીવનમૃત્યુમાં,
આ જિન્દગાની શું કરું ?

# અંધકાર ઊભરાય

• રાગ-સારંગ •

કાજળકાળી રાતલડીમાં
અંધકાર ઊભરાય!
અંધકાર ઊભરાય,
એમાં જગત તણાયું જાય-કાજળ

ચમકે પેલી તારકમાલા;
કે શું દેવ ઉગામે ભાલા?
હૃદય સદાય ઘવાય,
જો ને અંધકાર ઊભરાય!-કાજળ

વહેતી નયને આંસુધારા;
કે શું અગ્નિતણા ચમકારા?
જીવન સદાય દઝાય!
જો ન અંધકાર ઊભરાય!-કાજળ

# નેહ

° રાગ—દેખો સખી ડોલરિનો °

દાઝે છે તો ય એ તો દોડે.
રોકાય ના પતંગ જ્યોતઘેલો.

વાર્યો રહે નહીં, હાર્યો કહેવાય નહીં.
પડતો એ ઝાળમાંહી પ્હેલો !—
રોકાય ના પતંગ જ્યોતઘેલો.

તરસ્યો કુરંગ જરી લે ના વિસામો.
મૃગજળનો ન મળે રેલો !
રોકાય ના પતંગ જ્યોતઘેલો.

વારિ ભરેલી કાંઈ વાદળીઓ વરસે.
તરસ્યો એ ચાતક એકેલો !
રોકાય ના પતંગ જ્યોતઘેલો.

સંતાડે તેજભર્યું મુખ ચંદ્ર તો યે
ઉદધિ રહે છે ઊછળેલો !
રોકાય ના પતંગ જ્યોતઘેલો !

ચાહે, ન ચાહે પ્રિય તેનું ન ભાન રહે,
એવો એ નેહ અલબેલો !
રોકાય ના પતંગ જ્યોતઘેલો.

# મૂંઝવણ

○ લય – આવો આવો ને સખીઓ આજ ○

મન કુમળું કર્યું શેં નાથ! દુઃખ જવ સરજ્યું રે!
ફૂલ પાછળ કંટક, દેવ! એ શું નિરમ્યું રે?

જગ સુન્દરતાનાં તેજ પીતાં નયનો રે;
એ નયને કંઈ કંઈ વાર શાનાં વહનો રે!

તપે સૂરજ ચન્દ્ર અખંડ નૂરની ભરતી રે;
પણ તિમિર પ્રચંડે નાથ જનતા તરતી રે!

જગનાં અમીપોષણ કાજ વર્ષા આવે રે;
ભયભર વીજ ને ઘનનાદ ક્યમ એ લાવે રે?

આ જીવનકેરું તન્ત્ર શ્વાસે ચાલે રે
એ શ્વાસ મહીં નિઃશ્વાસ ધડકી હાલે રે!

મનને દીધી ઊડવાં પાંખ –ગગને ઘૂમતું રે;
તન બાંધ્યું પૃથ્વી સાથ –જડમાં ભમતું રે!

જન જન્મ વધાઈ સાથ મન આનંદે રે;
ત્યાં કાલ કરાલ અઘોર રમે સ્વછંદે રે!

ભર્યું પ્રેમસરોવર, છોળ મનભર રેલે રે,
ત્યાં વેર હળાહળ ઝેર ક્યાંથી રલે રે?

સચરાચર વ્યાપી દેવ અણુ અણુ રમતા રે,
પળ વિપળ દર્શ નહિ! એમ પ્રભુ, ક્યાં શમતા રે?

# ભસ્મીભૂત

० ભૈરવી ०

વિભૂતિમાંથી ભસ્મ રહી !
દિવ્ય તેજ આવર્યું
દિવ્ય તેજ ના વર્યું હા !
જ્યોતિમાંથી તિમિર ખર્યું !–વિભૂતિ

ભસ્મીભૂત સકલ દેશ !
ભસ્મ સમા મલિન વેશ !
ભસ્મશુષ્ક જો આ દેશ !
ભસ્મશાયી સહુ ઠર્યું–વિભૂતિ

સરિતમાં ન સોહે નીર,
વેળુને ઉછાળે તીર;
કેસરી રહિત ગીર !
નૂર હિંદનું હર્યું–વિભૂતિ

હિમમાં ઉજાશ નહીં,
ગંગપુણ્ય ભાસ નહીં,
ઉદધિમાં ઉલ્લાસ નહીં,
દાસપણું જો ધર્યું–વિભૂતિ

# આંખે પડદા

○ માલકોષ ○

આંખે પડદા પડે ! હો પડે !

ઘોર ઘટા ઘનમેઘની છાઈ;
તિમિર અમાસ અડે ! હો અડે !
આંખે પડદા પડે ! હો પડે !

વીજલડી પણ જાય રિસાઈ !
ઘુંઘટ ઓઢી રડે ! હો રડે !
આંખે પડદા પડે ! હો પડે !

પંથી આજ રહ્યો અટવાઈ;
મારગ તો ન જડે ! હો જડે !
આંખે પડદા પડે ! હો પડે !

# ખાલી ઝોળી

○ ગઝલ ○

ભટકતા જંગલે જંગલ પુકારી ઇશ્કની આંગો;
ઘૂમે સૂનકાર ત્યાં સઘળે! હમારી ઝોળી ખાલી છે!

મઢી ને ઝૂંપડી ઢૂંઢી, કમાડો કૈંક ખખડાવ્યાં,
ન સૂતાં કોઈ યે જાગે, હમારી ઝોળી ખાલી છે!

કદી ફરતા શહેરોમાં, નિહાળી લાલ કફનીને
કરે સહુ બંધ દરવાજા; હમારી ઝોળી ખાલી છે!

મહેલોની દીઠી રૌનક, ગયા આશાભર્યા, ત્યાં તો
ચઢેલી ભમ્મરો દેખી! હમારી ઝોળી ખાલી છે!

ગયા મસ્જિદ મંદિરે, બધા ત્યાં પાક મરજાદી;
ન અડકે આ અસ્પૃશ્યોને, હમારી ઝોળી ખાલી છે!

સદાવ્રત સ્નેહનાં ક્યાં છે? પરબ ક્યાં પ્રેમની બેસે?
બતાવો જાણતા હો તો! હમારી ઝોળી ખાલી છે!

અમી આંજી નજર ક્યાં છે? જિગરનાં આંસુડાં ક્યાં છે?
થશે બસ એક બિંદુથી! હમારી ઝોળી ખાલી છે!

# તોફાન

○ ગઝલ ○

નયનને ખેંચતાં નયનો;
જિગરને ખેંચતાં હૈયાં;
જીવનના એ છલકતા
સાગરે છૂટી ગઈ નૈયા.

જડે ક્યાં પ્રેમનો આરો ?
ન દેખાયે અચલ તારો !
ઊભા છે મોહના ખડકો;
મૂંઝાતાં કુમળાં હયાં.

દીવાદાંડી નથી દરિયે,
નથી ત્યાં રાહબર મળતા.
અટૂલાં યુગ્મને જાવું
પરસ્પર સાહીને બૈયાં.

સહુ ખેંચાય !–નહીં જાવું ?
ભયાનક સુખને સ્હાવું ?
ચૂકયાને કાજ પથરાતી
ભયંકર ઘોર જળશૈયા !

અશુદ્ધિ ક્યાં ? વિશુદ્ધિ શું ?
ઘૂમે વંટોળ ને વમળો;
સુકાની સાચવો ધારી;
ચઢયાં તોફાનમાં હૈયાં.

## રસજ્યોત

○ સવૈયા ○

પ્રેમની હેમ સમી રસજ્યોત
જ્વલંત ઝગી દીપી જે ઉરમાં,
નૂતનત્વ ધરે વપુ, ભાલ તપે,
રણકાર મધુર રમે સૂરમાં.

નયને થકી નેહ નિહાળી જતો,
ખીલતું ફૂલતું ઉર એ નૂરમાં
નવ ઢાંક્યું રહે, ન છુપાય છુપ્યે!
થતી ઓળખ પ્રેમની આતુરમાં.

# પ્રેમ કે કામ ?

• લય – જરા કહે દો સાંવરિયાંરો આયા કરે •

કોઈ કહેશો એ પ્રેમ કે એ કામ તણી છાય ?
અંતરમાં ચેતના સ્ફુરાવતું એ તત્ત્વ કો,
એને કોણુ કોણુ નામો થકી ઓળખાય ?– કોઈ કહેશો

સૌંદર્યમાં શું અખંડ વાસ એનો
યૌવન ઝુલાવે શું એનો હિંડોળો ?
એનાં ગાનો રસિક શું વસંત એક ગાય ?– કોઈ કહેશો

પુણ્યપ્રકાશથી એ શું પ્રફુલ્લતું ?
કે એ પાપના તિમિર થકી નિત્યે છવાય ?– કોઈ કહેશો

લહરી અનંત મહીં સાગર સંતાતો;
છાંટી અનેક રંગ સવિતા વિલાતો;
એથી આનાં અધિક ચિહ્ન ! કેમ પરખાય ?– કોઈ કહેશો

પ્રેમ અને કામની પ્રવાહગતિ ભિન્ન શું ?
કે એ દ્વૈતનાં કો જાદુથી અદ્વૈત શું સધાય ?– કોઈ કહેશો

# એક પ્રશ્ન

○ કવ્વાલી ○

જગના ફિલસૂફ, જરા ઊપજે,
મને મૂંઝવતો કંઈ પ્રશ્ન કરું.
તુજ જ્ઞાનતણી મહાજ્યોતિ સમીપ,
હું અજ્ઞ ઘડીભર બેસી ઠરું.

જનના હૃદયે ક્યમ હાસ્ય નથી ?
નયને ક્યમ સ્મિત વિલાસ નથી ?
મનમસ્તી તણો જરી ભાસ નથી.
કઈ નાવ થકી ભવસિંધુ તરું ?

અહ રૂપકલાધર, થોભ જરા,
નીરખું ગગને કંઈ રંગઝરા;
ઉરમાં ઊછળે રસના ઊભરા.
ફલકે નથી રંગ ! હું ક્યાં ચીતરું ?

ધનપાલ, ગણી ધનના ઢગલા,
ખીલતી હસતી તુજ મુખકલા;
કથ, એ ધનના રણકાર નીચે
મહેતાબની આહ હું શે વીસરું ?

શૂરવીર, ચઢી રણુરંગ ઝૂઝે,
તુજ હાકથી માનવ જાત ધ્રૂજે;

પણ વીર, બતાવ, કદી ઊગતું
    રુધિરે થકી પોષિત કલ્પતરું ?

અય ઇલ્મી, કબૂલ કરું કીમિયો,
    તુજ હાથ છુપાય સુવર્ણઝરો;
પણ હૈયું જલાવી ઉડાડું હું ખાખ—
    એ અંતરરાખ કયહાં હું ભરું ?

# ભાગ્યવાન

○ પહાડી ગઝલ ○

લય – સદા સંસારમાં સુખદુઃખ સરખાં માની લઈએ

ભર્યાં ભરપૂર ઘેરાં ગૂઢ કાળાં ભાગ્ય વારી
મૂકી મેં તો મધ્ય દરિયે નાનકડી નાવ મારી !–ભર્યાં

સાખી ]

અથાગ ઊંડાણે થકી ઊભરે તાણ મહાન;
તોફાન સઢ તોડિયા, છૂટી ગયું સુકાન
રુંધાતી દિશાઓ સર્વ, સૃષ્ટિ ચાંપે તિમિર ભારી;
નિર્બલ આ વહાણવટી મધ્ય જોતો બેઠો હારી !–ભર્યાં

સાખી ]

ઝોલાં ખાતું નાવડું, ઝોલાં ખાતું ઉર !
પળપળ ભીતી લાગતી ગળશે એને પૂર !

જોયું ઘનઘોર તો યે હોડલી મેં શેં હંકારી ?
ઠરંતા વારિનો વિશ્વાસ ઘેલા જોયું ન વિચારી !–ભર્યાં

## આખર સલામ

• હરિગીત •

પ્રિય અંકમાં આરામ સુખભર !–
બિંદુ મુખ પર શેં ખરે ?
કયમ સ્નેહીઓ વીંટી પથારી
દીર્ઘ નિઃશ્વાસો ભરે ?

હા ! સ્નેહીસુખ આશાનિરાશા
યુદ્ધ કરતાં જોઉં છું !
એ હૃદયશોભન સ્નેહમાં
વીતક-સ્મરણ હું ખોઉં છું.

મુજ આંખ ઊંડે ગર્કતી,
ભારે ન પાંપણ ઊપડતી,
પણ એક વેળા અંત સમયે
છેલ્લું છેલ્લું નીરખતી.

ભેટ્યો હતો હું કોકને,
કો મુખ ઉપર ચુંબન લીધાં,
કો નયનને લૂછ્યાં ! સહુ
ડૂબતાં હૃદય પર તરવરે.

રસના તણી શક્તિ ઘટી,
મનભાવ ના બોલી શકું,

હૈયે ઊછળતા ઊભરા ના
આખરે ઢોળી શકું.

બળથી હું બોલું તો ય, ઘેલાં,
અશ્રુ કયમ ?...નવ ઢાળશો.
પ્રભુ મોકલે આમન્ત્રણો
તેને શું પાછાં વાળશો ?

દીપક પણે ઝાંખો બળે,
ગૃહ શૂન્ય શાન્ત બની રહે,
જગ ભૂલતા કર્ણે કદી
શ્રી રા મ ના મ ધ્વ નિ વહે.

ઊંડાં ઊતરતાં આત્મચક્ષુ
ભૂત જીવન નીરખતાં;
અંધારભર ભાવિની મૃત્યુ–
ચા વી ને અ વ લો ક તાં.

બહુ પાપના પુંજે ચમકતી
પુણ્યની ઝીણી કણી;
જાણું ન ભાવિ જીવનને
કયમ દોરશે જ્યોતિભણી.

કો રત્નઅંગુલી દોરતી
ઘન તિમિરને અજવાળતાં;
ખેંચાય મારા પ્રાણ
અણભાળ્યા પ્રદેશો ભાળતાં.

હોલાય તેજ ભલે અહીં !
એ ઊઘડશે અન્ય સ્થળે;

વ્યાપક અનન્ત અગાધમાં
સ્થળકાળના ભેદો ટળે.

અહીં મૃત્યુ, ત્યાં જીવન ઝગે,
હિન્ડોલ છાયાતેજનો !
સહુ ઝૂલતાં, ઝૂલશે સહુ,
ઝોલો લઉં હું અનન્તનો !

આકાશમાં કો તેજબિન્દુ
સુકાય ને તારો ખરે;
ટોળે વળી એનાં સ્વજન
દુઃખભાર ભર ડગલાં ભરે.

પૃથ્વીપડે દાટી – અરે,
બાળી, જશે નિજ સ્થાનમાં;
દિનભર વદન સંતાડશે નિજ
સ્નેહીના અવસાનમાં.

મુજને ય એમ લઈ જજો
પૃથ્વીપડોમાં દાટજો;
વા અગ્નિ સળગાવી ચિતામાં
તનની રાખ બનાવજો.

છલકાય સ્નેહથી હૈયું ઘડી તો
અશ્રુબિન્દુ ઢાળજો;
અથવા 'પ્રભુને જે ગમ્યું તે
ખરું' કહી મન વાળજો.

જાઉં હવે વ્હાલાં ! તમારો
પ્રેમ હજી ખેંચી રહ્યો;

મુજ વાંકદોષ વિસારી અન્ત-
ક્ષણે ક્ષમા અર્પી દિયો.

છેલ્લું નિહાળી લઉં, હું છેલ્લું
ભેટી લઉં, વળી રડી લઉં.
છેલ્લું હસી, આખર સલામ કરી
હવે હું જાઉં છું !

# કલ્પનાગીત

# માયામોહિની

∘ સાખી ∘ શો અહ્માનંદ ગાજે ∘ ગરબી ∘ વસંતતિલકા ∘ કાનુડા તારી ∘

શ્યામ સાડી સજી સુંદરી રમતી ઘટ ઘટ માંહ્ય;
વિશ્વવિલાસે વિરહતી માયા મધુર સોહાય.

રચી વિશ્વગોલ ઘેરાં, શાં રૂપ લે અનેરાં!
રમે મં માયા મોહિની મનોહરી.
આત્મચંદ્ર સાથ ખીલી એ અનંત પોયણી!–
રચી વિશ્વગોલ.

ગરબે ફરી ગરવા ગોળ ગોરી સદા ઘૂમતી,
યુગયુગને ઠમકે દિવ્ય લીલાભર નર્તંતી;
સ્મિત શશીમાં ને અટ્ટહાસ્ય સૂર્યમહીં પૂરતી;
ચપલાની ચંચલ ચાલ! પ્રીતમ ભણી અભિસરતી.

હસીને પ્રેમ સીંચી ખિલાવે જગબાગ–
મીઠી માલણ અપૂર્વ કોઈ જાદુગરી–
રચી વિશ્વગોલ.

માયા તણા લલિત અંક મહીં વિરાજી,
ખેલે અનેકવિધ ખેલન માનવીઓ;
આલિંગનો અવનવાંથી સમષ્ટિ વ્યાપી,
ફેલી અખિલ જગમાં નિજ ગોળ ચૂમી–
રચી વિશ્વગોલ.

હસતાં રમતાં પ્રભુમાં ભેળવનારી !
સ્વચ્છંદે ત્રિભુવન જીતનારી !
અંધારે ભવ્ય ચમક ભેળવનારી !
અશ્રુમાં મોજ ઝીલવનારી !–

રચી વિશ્વગોલ

# વનલીલા

○ ગરબી ○ માઢ ○

હું તો વનમાંહી વેણુભરી વાતી,
રસગીત મારાં ગાતી,
ને ગુંજતી નાચતી રમું !– હું તો.

ફૂલભરી ચૂંદડીને – પર્ણતણાં પિચ્છ ધરું;
લીલા લીલા ઘાસતણી
મોજડી સુંવાળી ધરી,
કુંજ ને નિકુંજ માંહી એકલી ભમું !– હું તો.

પુષ્પની પથારી મારે, પુષ્પતણાં ઓઢણાં !
કૂણી કૂણી દુર્વાની
મેખલા વિંટાળી, સખી,
રંગભર્યાં ચર્મ ઢાંકી વનમાં શમું–હું તો.

# ચંદ્રને પ્રશ્ન

૦ વસંતતિલકા

ખીલી ફૂલી કુમુદનાં રસમસ્ત હૈયાં
આકર્ષતું મુખ તું ક્યાં થકી ચંદ્ર પામ્યો ?
ક્યાંથી થયો રજનીયોગ લલિત તારે ?
સોળે કળાની પ્રતિમા જગનૈન ઠારે !

હીરાજડિત ભૂમિ ઉપર ચાલવાનું
આકાશ ગંગતણી ઊર્મિ ઉછાળવાનું,
શુક્રીની સંગ રમવાનું કદી કદી: એ
પામ્યો કયા તપથી, ચંદ્ર બતાવજે તું.

રૂપેરી રંગથી બધું જગ રંગવાની
તારી પીંછી કવણ દેવદીધેલ, ચંદ્ર ?
કે દિવ્ય પાત્ર ભરી અમૃતરંગ રેલે ?
રશ્મિ ઝીલી જલધિનાં ઉર કેમ ખેલે ?

જ્યોત્સ્નાભર્યું મુખ ઘડ્યું રતિકામદેવે ?
શું તેજના અમર કો ઝરણે તું નાહ્યો ?
કે અગ્નિની હરી લઈ બધી ઉષ્ણતાને
શીતાગ્નિરૂપ પ્રભુએ તુજને બનાવ્યો ?

સંયોગીનાં હૃદય નિત્ય હસાવતો તું
વિયોગીનાં હૃદય તપ્ત ધિકાવતો તું;

વેલાં બનેલ પ્રણયીતણી વેલછાના
ક્યાંથી છૂપા પ્રબલ ધોધ ઊછાળતો તું ?

તું વ્યોમમાં લટકી લાસ્ય કરે રૂપાળાં;
કોને રિઝાવી કરતો તું કટાક્ષચાળા ?
તું એકલો રટણ કો પ્રિયનું કરંતો ?
કે કોઈ ગૂઢ રમણીહૃદયે રમંતો ?

તું વ્યોમમાં વિહરતો રસજ્યોતિગોલ !
પૃથ્વી ઘનત્વભર પાર્થિવ મુજ બોલ !
સાંધી રહ્યો જીવનદોર મને તને કો
જાણું નહીં–પણ અનુભવું કંઈક ભાવ :

વ્યાપ્યો સમસ્ત જગ પાછળ કો પ્રકાશ;
જોડી રહ્યો શું જડ ચેતન એક પાશ ?
રોધી રહ્યો તું જડ ગોલ ઊંચી અટારી ?
કે ચંદ્ર, શું પરમ જીવનની તું બારી ?

# મંગલ સંકલ્પ

○ શાર્દૂલવિક્રીડિત ○

નિદ્રાયોગ મહીં અવિક્રિય સૂતા
ચિદ્રૂપ પોતે વિભુ;
સ્વાનંદે બની તુષ્ટ ખોલી નયનો
જાગી ગયા એ પ્રભુ.

'હું છું એક અનેક રૂપ બનીને
આનંદ શે ના લહું?
વિસ્તારી નિજ રૂપ સુખલહરી
સર્વત્ર હું ફેલવું.'

એ સંકલ્પ કર્યો, છતાં ન વિકસી
ઇપ્સિત બ્રહ્માવલી;
ભ્રૂભંગે નીરખ્યું, નિહાળી રસિકા
સૌન્દર્ય ખીલી કળી.

દીપ્તિવર્ધન વસ્ત્ર ધારી સુસ્મિતા
લજ્જાળુ મીઠું હસી.
અક્રિય પ્રભુમાં ગતિ પ્રગટીને
પાસે જ આવ્યા ખસી.

'હું એકાન્તિક એકલાઃ ન પરખ્યાં,
છો કોણ, ઓ સુન્દરી?'

પૂછે છે પરબ્રહ્મ વિસ્મિત બની;
ત્યાં બોલી જાદુગરી.

'હું શક્તિ સ્વરૂપા, ન કેમ પ્રીછતા,
અર્ધાંગના આપની ?
માયામોહિનીરૂપ ભિન્ન બની હું–
એ સિદ્ધિ સંકલ્પની.'

ઇચ્છ્યું એક અનેક રૂપ બનવા,
ત્યાં ક્યાંથી આ મોહિની ?
ચાહ્યું વિસ્તરવા સ્વરૂપ, પછી ત્યાં
શોભા શી આ દ્વૈતની ?

'ના, ના, ના મુજ વૃત્તિ અન્ય બનવા !
સંકલ્પ જુઠ્ઠો પડે;
ભૂલ્યો શું પ્રભુતા ? અરે, કવણ આ
સૌન્દર્યમૂર્તિ ઘડે ?

ના ખેંચો મુજને અકથ્ય બલથી,
હું ડૂબતો, તારીણી !'
શંકાશીલ પ્રભુ તણો કર ગ્રહી
બોલી મનોહારિણી

'આ શું ભાન ભૂલ્યા ? ન ઓળખ પડે ?
હું તે તમે નિશ્ચલ.
આપો હસ્ત; અનેક મૂર્તિ નિજની
સર્જાવશું નિર્મલ.'

ઈશે હસ્ત ધર્યો; હસી પકડતી
એ મોહિની કોમલ.
બ્રહ્માંડે પ્રગટ્યાં પ્રભુસ્વરૂપ! શો
સંકલ્પ એ મંગલ!

# સુહાગી દૃશ્ય

॰ શાર્દૂલવિક્રીડિત ॰

દીઠાં દૃશ્ય સુહાગી ભવ્ય કુમળાં
ઘેરાં નભોમંડલે,
તારા રાશિ શશી રવિ ગૃહતણી
જ્યોત્સ્ના સદા યે ઢળે.

સંધ્યા ને અરુણોદયે વળી ઉષા
રેલાવી રંગો હસે;
કો વેળા રસમસ્ત વાદળી છકી
રંગી કમાનો કસે.

પુષ્પેગૂંથી સુવલ્લરી લચી નમી
લજ્જાળુ સ્મિતે દીપે;
તેના પાશથી ભાન ભૂલી ઝૂલતા
વૃક્ષે તૃષા ના છીપે.

ઘેરાં વારી મહીંથી આવી અડકે
હિમાંશુ ને પોયણી;
ને આવે રવિ ભેટવા કમલિની
ઓઢી લીલી ઓઢણી.

એવાં દિવ્ય અનેક દૃશ્ય નીરખ્યાં,
તો યે ન તૃપ્તિ વળી.

મિત્રોમાંહી રમી સુકીર્તિચરણે
ભાવે દીધી અંજલી.

એ સૌ જીવનલ્હાણું દિવ્ય, પણ ના
હૈયે ઉછાળા શમે;
માગે દૃશ્ય હજુ ય દિવ્યતર એ–
જેમાં પ્રભુતા રમે.

સૃષ્ટિનાં સહુ દૃશ્યની સુભગતા,
લાલિત્ય ને ભવ્યતા;
નારી ને નરરૂપમાં વિકસી કે
આકર્ષણે ખેંચતાં.

જોડે સ્નેહ સ્વરૂપ ધારી પ્રભુ એ
આત્મહૃદય વિકલ.
લગ્ને એક બંને પુરુષપ્રકૃતિ;
એથી કશું મંગલ?

# મુખડે ફૂલ

○ ચોપાઈની ઢબ ○

મુખડે ફૂલ ને આંખમાં હીરા !
દેવ પૂજું કે તમને વીરા !
દેવ રિસાયા મંદિર વસે !
વીરો મારો ખડખડ હસે !

હસતાં હસતાં મોતી ખર્યાં;
બ્હેનીએ જઈ ખોબા ભર્યાં.
મોતીના એકાવન હાર !
બ્હેનીના પૂર્યા શણગાર.

હસતાં બંધ ન રહેશો વીર !
ભાભી માગે રેશમચીર !
રેશમનાં તો મોઘાં મૂલ !
પૈસો જો દરિયામાં ડૂલ !

પરદેશીનાં પીધાં ઝેર,
વીરા લાવે તકલી ઘેર.
તકલીમાંથી તાણ્યા તાર;
તાર મહીં ભાળ્યો ઉદ્ધાર.

તેની સાડી વીરે વણી.
લઈને આવ્યા ભાભી ભણી.

ભાભીનાં નિત હસતાં મુખ;
રેશમની પણ ભાંગી ભૂખ.

સૂરજવણું ખાદીવસ્ત્ર;
ભાભી કેરાં નયનો મસ્ત.
વીરા હું ના માગું ગામ;
માગું હું એક જ વરદાન.

ભાભી પહેરે સાડી શ્વેત
તો અણમાપ્યું ઊછળે હેત.
વીરો મારો વિનતિ કરે:
ભાભી લાજી સાડી ધરે.

વીરા શું નિહાળો ફરી?
ભાભી મારી રૂપાપરી,
ઊજળી ભાભી ઊજળાં વસ્ત્ર;
ઊજળું ઘર, ઊજળું ય સમસ્ત,

ઊજળી શેરી, ઊજળાં ગામ;
ખાદીનાં સહુ ઊજળાં કામ.
ઉજ્વલ વીરો, ઉજ્જ્વલ દેશ;
ઉજ્વલ ત્યાં બ્હેનીના વેશ.

# નાની શી હોડી

લય - મારે મોઢે મનાવી

મારી નાની શી હોડી,
ડોલે એ થોડી થોડી,
ઘેરાં વારિને હૈયે એ
નિત્યે રમે—મારી

ધીમી લહેરે સમીર
ચૂમે નાવ તણાં નીર;
આછી હલકે એ નાવ મારી
નાચતી નમે—મારી

ઝરે ચંદ્ર તણાં તેજ,
ગૂંથી તારલાની સેજ,
મારી હોડલી સુએ ને શીળી
ચાંદની ઝમે—મારી

ઊંચી ભેખડો કરાલ,
ખડક ડોકાતા વિશાલ.
હસી નાવ મારી રંગભરી
કૂદતી ઘૂમે—મારી

કદી સૂર્ય તપી જાય,
કદી મેઘની ઝીંકાય,

ઊઠે આંધી !—એ નાવ તાંય
જલમાં ભમે—મારી

ભર્યાં કાલ તણાં નીર,
નાવ શોધે અમર તીર,
એક આશનાં સુકાન,
વ્હાણવટીને ગમે—મારી

# અભિલાષા

૦ ગરબી ૦

જગઅંધાર થકી પ્રિય ઊડીએ આપણે;
ઊંચે વિલસે અમીમય–પ્રભુમય દેશ જો;
ભર્ગ વરેણ્ય ભર્યાં જલધિજલ ઊછળે;
ઝીલશું પુણ્યભર્યાં જલમાં હંમેશ જો,
જો જગપાર રહી કો જ્યોતિ ઝળહળે.

માનવ જગ બોળાયું ઘોર તિમિરમાં;
બંધનમાં માનવ કાયા કરમાય જો.
જનમન જકડાયાં જાલિમ જંજીરમાં;
અરસપરસનાં રુધિરધોધમાં ન્હાય જો.
ક્રૂર જગતમાં વેરઝાળ ભડકે બળે.

જગબંધન–જગઝેર ભૂલી ઊંચે જશું;
સ્વતંત્રતાના સમીરો ત્યાં લહેરાય જો;
કિલ્લોલમાં ગાતાં રસમસ્ત બની જશું,
હૈયાં તપ્ત શીતળ સ્નેહે જ રસાય જો;
પ્રેમગીતા ગાયત્રી ઉરમાં ઊછળે!

રસસરિતા લહેરે એ પુણ્યપ્રદેશમાં.
વિહરીશું મનભર એ સરિતાતીર જો.
ઝીલશું ગાશું સરિતગીત આવેશમાં
ઉકેલશું રવ અર્થ સનાતન ચીર જો.
ગીત ધૂનમાં જગત દુઃખને દાટશું.

જો રસકુંજે દેવી દેવ રમી રહ્યાં.
રાસરમણની રમઝટ શી સોહાય જો!
પગઠમકે કરતાલે મન મોહી રહ્યાં;
પ્રેમછલકતો મહેરામણ ઊભરાય જો.
દિવ્ય રંગ પિચકારી ભરી ભરી છાંટશું.

પુણ્યજીવનરસ દીક્ષિત બનીને ચાખશું;
દિવ્ય મંત્ર કોતરશું હૃદયા સાથ જો;
દેવરાસતણી છબીને હૈયે છાપશું;
રમશું આપણ રંગ ભરી ભરી બાથ જો.
અમૃત પીવા અમર વેલને વાટશું.

ભલે પછી જગમાં ઊતરીએ આપણે;
મંગલમય કુમકુમ પગલે પથરાય જો.
દિવ્ય તેજના પલકારા ભરી પાંપણે;
જોતાં જગ અંધાર કરાલ વિલાય જો.
રસગંગાનાં પૂર નહિ ખાળ્યાં ખળે.

વેરઝાળ વીરમે, જગબંધન તૂટતાં;
પ્રફુલ્લતા ઊઘડે માનવને સુખ જો.
પ્રેમસરે અનવધિ સુખપંકજ ફૂટતાં,
દિવ્ય રાસરમણાની જાગે ભૂખ જો.
એવું જગ રચવા અભિલાષા નહિ ફળે?

## વનદેવી

◦ ઝૂલણા છંદ ◦

પાપભર જગતથી દૂર વસતાં અમો,
વિપુલ વનરાજિમાં રાજ્ય કરતાં;
પુષ્પપરિમલ સહે, સમીરની લહર શું,
સરિત સર તરલ શું રાસ રમતાં !

ગહન આકાશમાં ચંદ્ર હસી એકલા
સૃષ્ટિ દિપાવવા જ્યોતિ ફેલે;
ચંદ્રનો ચંદ્ર પ્રભુ જીવન દિપાવવા
મુજસમી ચંદ્રિકા જગત રેલે !

દેવી વનની અને જીવનની હું બનું,
ચંડ વિકરાલ ધરી રૂપ ખેલું;
સ્વપ્નલીલા મહીં રાખું જગજીવને;
કદી કદી નયનથી આંસુ રેલું !

વિવિધ રૂપે વસું જગત વિલસાવતી,
સૃષ્ટિક્રમ નિયમતી મોહમાયા !
અનુસરી ભાવના રંગ બદલ્યા કરું;
વિશ્વમાં ગૂંથતી તેજછાયા !

# ચંદ્રીનું વિયોગ ગીત

○ ગરબી ○

સાખી ]

ચંદનઅર્ચ્યાં ચોકમાં, ચંદા પીરસે થાળ;
મોતી વેર્યાં આંગણે, ના'વે નાથ રિસાળ.

અમે તેજ તણા પાટ નિત્ય પાથરીને બેસતાં,
મંદિર અમારાં તો ય સૂનાં સૂનાં !
અમે તારલાનાં તોરણો રોજે પરોવતાં,
મંદિર અમારાં તો ય સૂનાં સૂનાં !
અમે નીંદ બધી ત્યાગી ભરી આંખ થકી ભાળતાં,
મંદિર અમારા તો ય સૂનાં સૂનાં.

સાખી ]

અમૃતરંગી ઓઢણાં, અમૃતભરિયાં અંગ,
ક્ષણક્ષણ અમૃત વહી જતાં, પિયુ ના લેત ઉછંગ !

કરી ચુંબન અંકિત ગાલ જગાડી સુષુપ્ત મને,
વિરમ્યા મનમોહન પ્રાણ દીઠા ન ફરી નયને.
કંઈ અનંત યુગથી એમ હરઘડી તલસું રે,
નવ આવે પ્રિયતમ મુખ મુજ મુખ સરસું રે.

સાખી ]

આંખ કાજળ આંજિયાં, વેણી ગૂંથ્યાં ફૂલ,
પિયુને વેળા ના મળે લેવા વાસ અમૂલ.

# આદર્શ મૂર્તિ

○ શિખરિણી ○

મને શિલ્પી શોધે સ્વરૂપભરી મૂર્તિ ઘડી ઘડી;
ચિતારા આલેખે મુજ મુખ ભરી રંગફલકે;
મીઠા આલાપોમાં ચીતરી રહેતા આકૃતિ રૂડી
ગવૈયા કે ઘેલા સૂર તણી ગૂંથી મોહઘટના.

કવિ કેરી પાંખો ઊડી રહી મહા આભ વીંધતી
મને નિત્યે ખોળે હસી રડી રડાવી જગતને;
અને પ્રેમી શોધે પ્રિયતમ પ્રિયાનાં નયનના
અનેરા જાદુમાં ચપલ ચલ મારાં સ્મિત સદા.

ઊંડા ધ્યાને યોગી ચમક મુજ જ્યોતિની ઝીલવા
પ્રવેશે એકાન્તે જીવન તણી જંજાળ ત્યજીને.
અણુ ગાળી ગાળી—કંઈ કંઈ ખગોળો ફરી વળી
મહા વિજ્ઞાની કો રમત મુજ જોવા મથી રહ્યો.

વળી જ્ઞાની શોધે સભર ભરિયું તત્ત્વ મુજનું;
નિહાળે નાસ્તિકો મુજ સ્વરૂપને પ્રકૃતિ રૂપે.
સહુ શોધે તો યે નવ ભરી શકે બાથ મુજને;
સહુ દોડે તો યે સહુથી રહું અંગુષ્ટ અળગી.

ભલે તો યે શિલ્પી, કવિ, વળી ચિતારા મથી રહ્યા;
ભલે યોગી જ્ઞાની મુજ સ્વરૂપમોહે ભમી રહ્યા;
અનાસ્થા નાસ્તિકો તણી પણ નિહાળે મુજ ભણી :
સહુ શોધંતાને દઉં પ્રગતિનું એક પગલું !

# કવિતા

॰ તોટક ॰

મીઠડાં ઝરણાં ઝીણું ગાન કરે,
મુજ કંઠ સુરાવટ ત્યાંહી પૂરે.
તરુ કેરી ઘટા મહીં કુંજ રચું,
વિટપે વિટપે રમતી ય હીંચું.

સહકારની મંજરી મીઠી ખીલે,
મુજ કૂજન જો વનરાજિ ઝીલે.
લહરી શીળી મંદ સમીર તણી,
ઊંચકે મુજ રંગીન સાડી ઝીણી.

નભ સામું પ્રતિનભ શો ઊછળે
ઉદધિ-મુજ તાંડવ તાલ ઝીલે.
રૂપલા રણરેતી તણા ઢગલા,
મહીં દોડી નિહાળતી હું પગલાં.

ગિરિ ગહ્વર પ્હાડ ચઢું ઊતરું;
નદ ધોધ સરોવરમાંહીં તરું.
હિમરાશિ ઊંચે હસતો ઝબકે,
મુજ દર્પણતેજ ત્યહાં ચમકે.

લીલું નીલમ પાથર્યું ઘાસ કૂણું
રૂડી મોતન માળ વડે ય વણ્યું;

કમનીય કુસુમ તણે તાકચે
રસ મસ્ત બિછાયત મારી ઢળે.

નભને નિજ કાળજડે જડીને
સર નીંદ લિયે ધવલું હસીને;
મહીં સ્નેહલ સ્વપ્ન સમાં કમલો
ખીલવી હું રિઝાવું રવિ અટૂલો.

ગગને ઘર અભ્ર ભલે ગરજે
પૃથિવી નિજ તેજ બધું વરજે;
ભયકાર તિમિર જગે વસતું,
ચપલા સ્વરૂપે તવ કો હસતું?

રવિ વાદળી કોટિ કરી વિલસે,
જલનાં કણને કિરણો વરસે;
મુજ નિષ્ફલ જાદુભર્યાં રમણે
કિરણો નવરંગ પરોવું કણે.

અલબેલ બસ જલમાંડવડો
હસી નાચવું ત્યાં મુજ દિવ્યતનુ;
રવિને શીખવું કયમ અભ્રપરે
ચીતરાય મનોહર ઇન્દ્રધનુ

મણિના કણ વેરી મૂકચા નભમાં,
દીપમાળ રચી નવલી ઢબમાં;
બની ચન્દ્રી રસાળ રમું તરતી,
ઊછળે શીળી તેજ તણી ભરતી.

મન્દાક્રાન્તા ]

ઘેરા ઘેરા ગગન પડને તોડતા શંખનાદ,
શોધે સારા અરિ સમૂહને ઉજ્વલા શસ્ત્રવાદ.
મૃત્યુ પ્રેમી અભય વીરનાં કેસરી યુદ્ધ ચાલે,
મારી મૂર્તિ વીર હૃદયમાં દિવ્ય અગ્નિ ઉછાળે.

એકીલો કો અસિધર ધરી ટેક શત્રુસમૂહે
ભેટે ભાવે મરણ, પણ ના પીઠની પાર જુએ.
રક્તસ્નાને ડૂબકી દઈ એ વીર લેતો સમાધિ;
બુંદે બુંદે વિલસી રહી હું કાવ્ય રાજ્ઞિની ગાદી.

હરિગીત ]

સૌન્દર્યના ઊડતા ફુવારા સુન્દરીના નયનમાં;
જગથી સહુ શોભા પ્રતિબિંબિત રમણીવદનમાં;
ઝબકી જતું સ્મિતમાં પળેપળ સ્વર્ગ નિર્મલ તેજ, ત્યાં
મુજ રમ્ય વાસ પ્રભુ દીધા ! શોધે બીજે મમ મૂર્તિ કાં ?

શાર્દૂલવિક્રીડિત ]

નીચાં નેત્ર ઢળ્યાં, ઉન્હા હૃદયથી નિઃશ્વાસ જ્યાં ઊછળે,
અશ્રુ મોતી ભીનાં રહે ટપકતાં, ત્યાં હૈયું મારું ઢળે.
સ્વપ્ને કો યુગનાં મીઠાં સ્મરણને સંભારી આછું હસે,
એવા બાલ ગુલાબી ગાલ ચૂમતાં વાત્સલ્ય મારું ધસે.

શિખરિણી ]

વળી વાળી લેતાં જગત પરથી વૃત્તિ સઘળી,
મહાજ્યોતિરૂપે વિધવિધપણું એક કરતી,
પ્રભુ કે આદર્શો તણી ભજનધૂનો મચી રહી,
ત્યહાં ઘેલા ભક્તો તણી હું બનતી ઘેલી ધીમહિ.

# સ્નેહગીત

# નયનનૃત્ય

રાહ — માંહજનો ઢોલો જાદુનો ભરેલો

નયન નયન નાચે! હો સૃજન સકલ રાચે.
સૃજન સકલ રાચે, હો નયનમંત્ર વાંચે!
નયન નયન નાચે—

નાચે પર્ણવેલી, હો રેલી રસની હેલી.
નયનનૃત્ય તાલમાં જો તારિકાએ ખેલી!
નયન નયન નાચે—

સરિત લલિત લાસ્યમાં, જો ચન્દ્રી મન્દ હાસ્યમાં.
તાંડવની ભવ્ય તાલી લે નિધિ ઉલ્લાસમાં!
નયન નયન નાચે—

પોયણાં ઝૂમે, હો લલિત લહર ચૂમે.
બુલબુલોની બેલડી વિરાજે પુષ્પ લૂમે.
નયન નયન નાચે—

આંખ તણા ચાળા, જો પાડે ઉર ઉછાળા.
લો દિવ્ય નાચમાંહી ચાલો વિસ્મયે રસાળા!
નયન નયન નાચે—

# ઘેલી ગોપી

રાહ-નાથ કૈસે ગજકો બંધ છોડાયો

ઘેલી ગોપી ! કોનાં તું લે છે ઓવારણ ?
નંદકુંવર હૃદયેશ્વર આવી, ઊભા મારે બારણ;
ઘેલી ગોપી કોનાં તું લે છે ઓવારણ ?

હૈયે નવરસ, ખટરસ દેહે, ગોપી તણે શીશ ભારણ;
જગગોરસ ભરી મોહ મટુકીનો કાનડ એક ઉતારણ !
ઘેલી ગોપી કોનાં તું લે છે ઓવારણ ?

ભાન ભૂલી, ડગલાં અસ્થિર, નયને શાં ઊંડાં ધારણ ?
રસભર રાસ રમાડ્યાં રસિયે; સારી રાતનાં જાગરણ.
ઘેલી ગોપી કોનાં તું લે છે ઓવારણ ?

જનમે જનમે તરસી રાધાને જુગજુગનાં સંભારણ.
મુરલીનાદ સૂણી હું ઝબકી, ભવભવનાં એ ઉદ્ધારણ !
ઘેલી ગોપી કોનાં તું લે છે ઓવારણ ?

જીવનનાં કાંઈ ઝેર ચઢ્યાં ! શેં શોધું મોહનમારણ ?
રાધાને મુખ આઠે પહોરે કૃષ્ણકૃષ્ણ ઉચ્ચારણ !
ઘેલી ગોપી કોનાં તું લે છે ઓવારણ ?

# ઝુલાવો ધીમે ?

• માઢ •

મારી મદભર આંખ ઘેરાણી;
ઝુલાવો ધીમે, હજી ધીમે, પ્રાણ !

નીંદભર્યાં અમ પાસે પ્રિયતમ,
રાખિયે ચિત્ત ચકોર
જો જો સલુણા ફાટે નહિ મારા
નવરંગ સાળુની કોર—ઝુલાવો.

ફૂણીફૂણી ચૂંટી મેંદી મૂકચો મેં
વ્હાનીએ કુમકુમરંગ;
આછો ઉઘાડ; ઝુલાવતાં બલથી
ઊડશે લહરી સંગ—ઝુલાવો.

વેગળાં લો જરી નયનો, બીતાં
નાસતાં ખંજન લોલ;
કીકી તણો પડછાય પડી
મારાં કાળાં થાય કપોલ—ઝુલાવો.

નીંદ ઝઝૂમી, ઝૂમો પ્રિયતમ,
નયનો નવ બિડાય;
આઘા રહો અલબેલડા, મારી
કુમળી કમર લચકાય—ઝુલાવો.

# યુગલ હંસ

◦ સાખી–ગરબી ◦

દેહ રજત વાદળી સમી, ચંચુ રત્નજડિત;
બિલ્લોરી જળમાં રમે, યુગલ હંસ મુજ નિત્ય.

ભેટે ભેટે ને તો ય ભૂખ્યાં એ ભાવનાં !
ચૂમે ચૂમે ને તો ય તરસ્યાં રહે !
ભાળે–નિહાળે તો ય તૃપ્તિ ન નૈનમાં !
આત્મા અનંગ અંગઅંગમાં વહે !–ભેટે

પીધે અમીરસ ના ખૂટે, યુગયુગભરનાં પાન !
જીવન રસ એ પ્રેમનાં કોણે દીધાં દાન ?

આંખમાં ઉજાસ, ભર્યો હૈયે ઉલ્લાસ;
વ્હાલસોયાં એ જોડલાં શેં છૂટયાં છૂટે !
દેહમાંહી દીપતા કો હૈયાના રાસ !
સ્નેહતૃપ્તિની લ્હાણ એમ બેલડી લૂંટે–ભેટે

# ભોળી કુમુદિનીને

૦ બિહાગ ૦

ન ખીલ તું મુજ કુમુદિની ભોળી
ચંદ્ર તને હરનીશ પટાવે.

હસિત વદન તુજ જરી જરી ડોલે,
અંતર પિયુ નીરખી ચઢ્યું ઓલે.
છકેલ એને છાંડી જતાં કદી
પ્રભાત સમયે શરમ ન આવે.—ન ખીલ તું.

બુલબુલ ગાતાં ગાતાં થાકી,
સ્વરલીનતામાં ગયું શીશ ફાટી,
સંતાયો ગુલ ગુલાબમાં પ્રિય
સુણે છતાં સંદેશ ન કહાવે—ન ખીલ તું.

પ્રેયસી પ્રિયનાં ત્રાટક કરતી,
પાંપણ પલકારે નવ ભરતી,
દુઃખ મહાન, અરે પણ પ્રિય નવ
પ્રતિ ઉત્તરમાં નયન નચાવે—ન ખીલ તું.

# નીંદમાં ઝૂલો

૦ ગરબી ૦

ધીમાં ધીમાં મીંચોને મૃદુ નયનો, હો પ્રાણ !
ધીમે નીંદમાં ઝૂલો, નીંદમાં ઝૂલો !

ફૂલણાં પુષ્પથી ગૂંથ્યાં તમારાં શયનો, હો પ્રાણ !
હાવાં પુષ્પશાં ખીલો, પુષ્પશાં ખીલો !

સકલ સૃષ્ટિમાં સૂર સ્નેહજયનો, હો પ્રાણ !
ધીમે નીંદમાં ઝૂલો, નીંદમાં ઝૂલો !

સાખી ]

સ્નેહ પ્રેર્યાં સ્વપ્નને પુષ્પે પ્રેરી નીંદ;
ચંદ્રકિરણ વરસી રહ્યાં, બિડાયાં અરવિંદ.

સુણો સ્વપ્ને વ્હાલમ કેરી વાતડી, હો પ્રાણ !
ધીમે નીંદમાં ઝૂલો, નીંદમાં ઝૂલો !

કાળી આંખો બનાવી શેં રાતડી ? હો પ્રાણ !
ધીમે નીંદમાં ઝૂલો, નીંદમાં ઝૂલો !

તારી પ્રીતમ જુએ છે હવે વાટડી, હો પ્રાણ !
ધીમે નીંદમાં ઝૂલો, નીંદમાં ઝૂલો.

# પનઘટ

○ ગરબી ○

પનઘટ જાવાના કોડ, મારા રાજ!
મને પનઘટ જાવાના કોડ!

માથે સોનાબેડલું, રેશમી ઓઢણી,
તાણું હું શણગટ સોડ, મારા રાજ!
મને પનઘટ જાવાના કોડ.

પાણી ધસે, ને મારી સાહેલડી હસે;
ભાળું હું સારસ સજોડ, મારા રાજ!
મને પનઘટ જાવાના કોડ.

શીળા સમીર-કંપી છલકે મારું બેડલું;
પહેરું હું પાણીડાંના મોડ, મારા રાજ!
મને પનઘટ જાવાના કોડ.

છમકે ઘૂઘરી ઠમકી અટકે પાય મારા;
હૈયાની મેં શું બકી હોડ? મારા રાજ!
મને પનઘટ જાવાના કોડ.

# અંતરના સ્નેહ

( ગરબી )

આશાભરી—અમર સ્નેહીનાં સોણલાં આવે સાહેલડી.

અંતરના સ્નેહ સખી કોણ કોણ ઝીલશે ?
  ઉરમાંહ્ય પ્રેમપૂર ઊભરાયાં જાય.
છાનાં છાનાં અશ્રુ સખી કોણ કોણ વીણશે ?
  નયણાંનાં નીર કોથી ખાળ્યાં ખળાય ?

સાખી ]

એકલડી મુજ જાતડી અંધારે અટવાય;
સ્નેહ નિરર્થ વહી જતો;
  મારે હૈયે નિઃશ્વાસ ના સમાય રે સાહેલડી !
    ઉરમાંહ્ય પ્રેમપૂર ઊભરાયાં જાય.

વસંતતિલકા

  અશ્રુ સમાં હૃદયનાં સુલલિત પુષ્પો
  ભાવામૃતે ટપકતાં વીખરાઈ જાશે !
  કો પ્રેમી માળા કહીંથી સખી લાવ્ય ગોતી;
  પુષ્પો તણા રસભર્યા ગજરા બનાવે.

ઊંચી ઊંચી આશા અટારીએ ચઢીને, બહેન !
  નયણાંને નીચે નિહાળવું રહ્યું.
ચંદ્રીને ખીલવું આકાશમાંહ્ય તો ય, બહેન !
  અંત આ ભૂમિમાંહ્ય ભાળવું રહ્યું.

સાખી ]

ચંદ્રી તણાં અશ્રુ વીણી ગગનરાય સોહાય.
મુજ અશ્રુ ઝરી જાય છે,
કોણ આંસુ ઝીલે એ બતાવ્ય, રે સાહેલડી !
ઉરમાંહ્ય પ્રેમપૂર ઉભરાયાં જાય.

# મુજ અંતર ડગમગ થાય

• માઢ •

મુજ અંતર ડગમગ થાય !
જીવન મુજ ઝોલે......ચઢ્યું !
ભરતી થકી સર ઊભરાય !
વારિ તો બધું હેલે......ચઢ્યું !

તીરે વસતા સ્નેહીને, રમવા તેડ્યા પાસ !
આમન્ત્રણ અળખામણાં મારાં
લાગ્યાં; તજિયા વાસ !
હો મારી રહી ગઈ ઊણી આશ !—મુજ

તૂટ્યા તાર સિતારનો હો તૂટી ઉરની પ્રીત;
નીરસ બની ગયું ગીત, ને મારું
રસહીન બનિયું જીવિત.
હા ! મુજ ભાવિ શૂન્યાકાશ !—મુજ

# શાને વીંધો, મદનરાજ !

° ગરબી–માઢ °

શાને વીંધો, મદનરાજ ! તાકી પુષ્પ તણાં બાણ ?
ફૂણી વિંધાય મારી છાતડી રે લોલ !

કોલ દીધો, મદનરાજ ! તો ય માગો છો દાણ ?
કોને કહું હું મારી વાતડી રે લોલ !

સાખી ]

મલકયા મુખની મોહિની, કુટિલ નયનના ફેર;
લલિત અંગ વરસી રહ્યાં અમૃત ભરિયાં ઝેર !

ચઢયાં ઝેર, મદનરાજ ! આવે અંગમહીં તાણ.
જો ને ખેંચાય મારી જાતડી રે લોલ !

આવો આવો મદનરાજ ! અમો મંત્રથી અજાણ.
કેમે વીતે આ કાળી રાતડી રે લોલ !

# પનિહારીને સાદ

ગરબો

શીળો સૂર્ય હસી વેરે કુસુમ વેગળે રે લોલ;
મીઠી સુરભિ શું ભરીભરી બાથ, પનિહારી રે લોલ.
જલમાલાની સાથ અનિલ જો લળે રે લોલ!

થાકી તારલી ન માંડે મીટે ભાળતી રે લોલ;
તેનાં પોપચાં મીંચાય વારવાર, પનિહારી રે લોલ,
હજી નીંદ શેં તમારાં નેણ ઢાળતી રે લોલ?

કહો કંકણોના સૂર આજ ક્યાં ભળ્યા રે લોલ?
નવ મીઠા નૂપુર ખણકાર, પનિહારી રે લોલ,
કોણ ઘાટે તમારાં પગલાં વળ્યાં રે લોલ?

ભૂલ્યાં ઘેર રૂડી રૂપલા ઓઢણી રે લોલ?
ક્યહીં મૂક્યું સોનાબેડલું સવાર, પનિહારી રે લોલ,
રમે હૈયું શું સ્વપ્નની ભુલામણી રે લોલ!

હજી વાડીનાં પુષ્પ ના વેડી રહ્યાં રે લોલ!
કે ન આવે વલોણે પરવાર? પનિહારી રે લોલ,
કહો કોણે બે વેણ કડવાં કહ્યાં રે લોલ?

તજી નીંદ મૂકી ખાટ મધરાતની રે લોલ,
કોક તરસ્યો નિહાળે તમ વાટ, પનિહારી રે લોલ,
એને આશા તમારી એક વાતની રે લોલ.

# કોયલડી !

• લય–સ્નેહીનાં સોણલાં આવે સાહેલડી •

બોલને બોલ કાંઈ મીઠું, કોયલડી !
ઉરમાં અંધાર ગાઢ રેલી રહ્યા.
સુખનું ન સ્વપ્ન હજી દીઠું, હો બહેનડી !
અન્તરનાં દુઃખ જાય કોને કહ્યાં ?
ફુલડાં સમ સોહામણું ઊતર્યું શીતળ પ્રભાત
ભીંજે જગત પ્રકાશમાં,
મારે નયણેથી ખસતી ન રાત, હો કોયલડી !
ઉરમાં અંધાર ગાઢ રેલી રહ્યા.

વસન્તતિલકા ]

બિન્દુ તુષાર ટપકન્ત ઝીલી ઝીલીને
ઊભી પૃથ્વિવી પ્રિય કુમકુમથી વધાવે !
ક્યારે કહે સખી બિડાયું ભવિષ્ય ખીલી
એ પ્રેમયોગ–રસયોગ હવે સધાવે.

આશાનાં ગીત સંભળાવો, હો બહેન !
મારાં આંસુ હજી નથી રહેતાં ખળ્યાં.
સંદેશ મીઠડા લાવો, હો બહેન !
રસઝરણાં હજી નવ હરિયે ભળ્યાં.

નમણી આંબા ડાળ પર કાં બેઠી બની શૂન્ય ?
સંગીત વરસી મૃદુમૃદુ
મારે હૈયે જગાવ રસધૂન રે, હો બહેન !
મારાં આંસુ હજી નથી રહેતાં ખળ્યાં.

વસન્તતિલકા ]

લાગે સ્મશાન સરીખો જગવાસ હાવે :
ભૂતાવલી શી જનની ઘટમાળ આખી;
હૈયે હવે કુજન એકલું તારું ભાવે;
તે બંધ રાખી મુજને કયમ શોષી નાખી ?

શાને વિજોગ વીંધી બાળા રિઝાવે બહેન ?
સ્નેહીસંબંધીમાં તું એકલી સખી ?
હૈયાની પીડ તારો ટહુકો ભુલાવે,
તો ગાને જરાક રસઘેલી સખી !

# ખંડિતા

० ઝીંઝોટી ०

જાઓ, જાઓ જ્યાં રાત ગુજારી;
        ભૂલી પડી મદભર તમ નૈયા!
ચરણ ચલિત, તંબોલ અધર પર,
        લાલ છૂપે નહીં છલબલ ચૈનાં!–જાઓ.

હારચુમ્બિત હૈયું કયમ ઢાંકો?
        કંકણુવેલી કયહાં ચિતરાવી?
અંજન ડાઘથી ઓપે કપોલ!–
        બધી રજની કયમ ત્યાં ન વિતાવી!–જાઓ.

# પધારો પિયુ !

જરા મંદિરિયે તો પધારો, પિયુ !
જરા પ્રેમીના પ્રેમને સ્વીકારો, પિયુ !

વ્હાલા, જોતી હું વાટ,
ઉર ભરિયો ઉચ્ચાટ;
મારા સૂના સ્નેહઘાટ
શું વિસારો પિયુ ? — જરા.

ભરી મોગરાની માળ,
રાજનાં ય ઉર વિશાળ,
મારાં ઊભરાતાં વ્હાલ,
હાર ધારો પિયુ — જરા.

# એ તે પ્રિય વસન્ત !

○ સોરઠ ○

ફૂલની સાંકળે જગ ગૂંથતી શું
એ તે પ્રિય વસન્ત ?—ફૂલની.

હસતી રમતી વનમાં જનમાં
ચાલે લટકન્તી રંજનમાં,
કોકિલ કંઠે, અલિગુંજનમાં
ગાન કરી વિલસન્ત—ફૂલની.

મોહમધુ સચરાચર પાતી;
ભરયૌવન મ્હાલે મદમાતી;
વસન્ત પુષ્પપરાગે ન્હાતી :
કે મુજ પ્રિય હસન્ત ?—ફૂલની.

# શું દઈએ ?

○ સોરઠ ○

તમને શું દઈએ મહારાજ ?
મુજ ઉરઉદધિના શશીરાજ !—તમને.

દીધા પ્રાણ, દીધાં મેં તનમન,
પ્રેમલ હાસ્ય દીધાં મનમોહન,
આંખલડીનાં અશ્રુ દીધ, શું
બાકી રહ્યું હજી રાજ ?—તમને.

રસસાયરની ઊર્મિમાલા
તમ કંઠે પધરાવી વ્હાલા !
દીન અમે સર્વસ્વ દીધું; શું
તો ય હજી નારાજ ?—તમને.

# રસમૂંઝવણ

૦ લય-અટારિયોંસે ગિરા રે કબૂતર ૦

મોરાં ઝાંઝર ઝમકે
ઝમક ઝમક, પિયુ આજ !
મારી ઘૂઘરી છમકે
છમક છમક, આવે લાજ !
નહીં નહીં રે બોલું !
શાને રાત જાગો રસરાજ !–મોરાં ઝાંઝર.

ઝીણા ઝીણા ઘૂંઘટે મુખ શેં સંતાય ?
મારા રઢિયાળા રાજ !
નયનોના બાણથી બચાય ના,
ર સ ભી ના રા જ !
પાલવડો પકડયાનું શું છે કાજ ?–મોરાં ઝાંઝર

# મુરલી

ગરબી માટે

હું તો ઝબકીને જાગી આજ !
મુરલી ક્યાંથી વાગી ?
મુજ સઘન કુંજ સોહાગી આજ !
લગની સૂર શું લાગી.—હું તો.

અણુ અણુ તનના મારા
મુરલીના તાને રાચે !
હૈયું થનથનગન નાચે આજ !
મુરલી ક્યાંથી વાગી ?—હું તો.

ઘેલી હું શોધતી એ
રસને કોણે રેલાવ્યો ?
સલૂણો એ ક્યાં સંતાયો આજ ?
મુરલી ક્યાંથી વાગી ?—હું તો.

પુષ્પોના પુંજ માંહે
મુખડું રસિયાળું ભાળું ?
આવો પ્રિય ! પાલવ ઢાળું આજ.
મુરલી ક્યાંથી વાગી ?—હું તો.

ના ના એ તો સંતાયો
ચાંદલિયામાં ઝગમગતો;

ચહું ફિરણુ! કેમ પ્રિય ઠગતો આજ?
મુરલી ક્યાંથી વાગી?—હું તો.

આવે તો આપું એને
કુસુમોભર અંક ફૂલો;
મુરલીસૂર ભોંકે શૂળો આજ;
મુરલી ક્યાંથી વાગી?—હું તો.

જાણું ના મુરલી કે
મુરલીધરને હું શોધું;
ઘેલા મનને શે શોધું આજ?
મુરલી ક્યાંથી વાગી?—હું તો.

આંખોમાં વસતો કે એ
હસતો હૈયામાં વ્હાલો?
પછી હાથ પડે શે ઠાલો આજ?
મુરલી ક્યાંથી વાગી?—હું તો.

હૈયાને ચીરું ત્યાં તો
આંખલડી એકલી પડતી;
અધીરી હું વિજોગણ રડતી આજ!
મુરલી ક્યાંથી વાગી?—હું તો.

આંખલડી મીંચું–ક્યાંથી
દેહે ફરતી ફૂલકળીઓ?
બસ વ્હાલમ મુજને મળિયો આજ.
મુરલી ક્યાંથી વાગી?

# રસડોલન

○ નંદજીના છેલા—જાદૂના ભરેલા ○

'છોડો મારી બૈયાં ! ઓ, આવી મારી સૈયાં !
આવી મારી સૈયાં ! ઘડચાં આ શાનાં હૈયાં ?
છોડો મારી બૈયાં !'

જલ ભરેલ ઝારી – ઢોળાવી; હું તો હારી !
જાઓ ને, રીત ના મને ગમે તમારી—
છોડો મારી બૈયાં !'

સાખી ]

'જલનાં સીંચન સુંદરી ! માગે કુમળાં ફૂલ;
મુજ હૈયું માગી રહ્યું સીંચન પ્રણય અમૂલ.'
'અલક લટ વિખૂટી ! હું તો ય શે ન છૂટી ?
નાસતાં સોનાની કટિમેખલા આ તૂટી !
છોડો મારી બૈયાં.'

સાખી ]

'વીખરી લટમાં જો સખી, બંધાયો હું અજાણ;
છો તૂટી કટિમેખલા, કરબંધન લે પ્રાણ.'
'બ્હાવરી બનાવી, મઝા કહો શું આવી ?
ઘેલછા આ દીજે મનની મનમાં સમાવી.
છોડો મારી બૈયાં.'

સાખી ]

'શ્યામા ! શ્યામલ નયનથી ઝેર ચઢ્યું મુજ અંગ,
સંતાડચો સખી આંખમાં કહે કો શ્યામલ ભુજંગ ?'
'થાકે ઊભી ડોલું, ઉચું કો પાસ ખોલું ?
જાઓ ને પ્રાણ, હું હવે કદી ન બોલું !
છોડો મારી બૈયાં.'

સાખી ]

'રસભીનાં ડોલન સખી જોઈ રહું અનિમેષ;
અબોલ પણ રસના ભર્યાં, રસભીની તુજ રીસ.'

# શું ભાળો તાકી?

લીલી લીલી જારેમાં લીલં લીલં લૂગડે
રાણી ઊભાં શું ભાળો તાકી?
રૂઠયા રાણો તે જાય હાલ્યા વનવગડે
શોધી શોધીને હું તો થાકી.

રાણીજી જોડું હું પિંજરાળું ગાડલું,
લાવું ડમણી હું ઘૂઘરાળી;
માંડૂં સરાજમ કાંઠરેજી ઘોડલં;
આપું હું માણકી પંખાળી!

મોરલાએ ટહુકીને મારગ ચીંધ્યો,
એની કળા ન રહી ઢાંકી;
તરણે સંતાયે રાણો છૂપ્યા છૂપે નહીં!
રૂસણું રાણી ન રહે સાંખી.

# જિગર ખાલી

○ ગજલ ○

લય-કયા કમાન આભ્રને એક તીર નજારા મારા

નયનથી દૂર બની !
    ખાલી જિગર હાં...ખાલી !
ઊંડો ઊતરું હું કો ઊંડાણે
    રહો કો...ખાલી !—નયનથી.

જોઉં સહુ સ્થાનમાં
    ઈશાર અલબેલ તારો...!
લઉં હું ચૂમી ત્યાં તો
    જાય પ્રિયે ચા...લી !—નયનથી.

સૂણું તુજ બોલના
    ભણકાર મધુર ધીર ધીમા.
ભટકું દિન રેન – મારું
    જગત બધું ઠાલી...!—નયનથી.

પ્રિય સુખ ક્યાં છુપાયું ?
    આંખમાંહીં ? હૈયે શોધું ?
પડ્યો પડદો કો નાખો
    મોતનો ઉછાળી...!—નયનથી.

# રાતલડી

લય—કુંજલડી રે સંદેશો અમારો

રાતલડી, વ્હાલા! રોઈ રોઈ ગાળતી.
ચંદાને તારા યે રોતા મારી સાથ હો!
રાજવી વિહોણું જીવવું યે ના ગમે,
આવોને નાથ મારી સૂની સૂની બાથ હો!
રાતલડી, વ્હાલા! રોઈ રોઈ ગાળતી.

નયણાં ભરાય, ઊભરાય અંધકાર આજ!
હૈયાં પિંખાય; પ્રાણ કારમાં વિજોગબાણુ!
કાળી કાળી રાતડી ને ખોવાયો ચાંદલા;
શાને ઊગો ન મારા જીવનના ભાણુ હો!
રાતલડી, વ્હાલા! રોઈ રોઈ ગાળતી.

એકલડાં આમ રાજ! અમને ન મૂકીએ.
ભૂલ્યાંને પાઠવીએ શાણા સંદેશ કાંક!
વાટડી નિહાળતી આ બાળી વિજોગણ
થાકી લલાટ હાથ ધારી રડે એ રાંક!
રાતલડી, વ્હાલા! રોઈ રોઈ ગાળતી.

# સંદેશ

° સાખી-ગરબી °

દૂર દેશના રાજવી, દૂર વસે મુજ દેહ!
હૈયામાં ઊછળી રહ્યો પિયુમિલનનો નેહ

વનવગડે રમતાં આજ અચાનક ભૂલી પડી;
મુજ ભાવિ સમો અંધકાર, વરસે દુઃખની ઝડી.
અધીરું મન, અધીરી આંખ—બંને સાથે રડે;
મારી આશ તણા મીચકાર જો ને પડે ઊપડે.

ભર વર્ષા ભર વીજળી, ભર્યું તિમિર આકાશ!
ભર નયણે સંભારતી! પિયુમિલનની આશ.

પિયુ પિયુ મુખ ઉચ્ચાર! પંખિણી પડી પિંજરે!
ડુંગર નદી રણ હાય વૈરી થઈ વચમાં પડ્યાં!

ઉડાય ના, ન મરાય, ગગને રમતાં પંખી ઓ!
કહે પિયુને સંદેશ—માનવ હૈયાં સાંકડાં.

# નિરાશા

• ગઝલ •

પ્રિયની કોઈ ખબર લાવે નહીં !
પ્રાણ કંઠે, તો ય જીવ જાયે નહીં !

પૂર્વનું કો પાપ હાય ફળે હવે !
સ્વપ્નમાં પ્રિય મુખ બતલાવે નહીં !

બુલબુલો સમ વિલપતી હું વિરહિણી !
ગુલબદનને કોઈ સમજાવે નહીં !

રાગમાંહી વિરાગ ધરી જોગણ બનું !
હાય ઘરઘર ભટકવું ફાવે નહીં !

બાવરી સંદેશ હું શા પાઠવું ?
ક્રૂર મીઠા બોલ તો ભાવે નહીં !

વાટ જોતી હું પુકારું મોતને !
મોત પણ માગ્યાં અરે આવે નહીં !

# ચોર ઊભા

○ અંગ્રેજી-કવ્વાલી ○

તુજ નયન મહીં કંઈ ચોર ઊભા ?
હું ગરીબ ફકીરને લૂંટી લીધો !
નથી મારું કશું મુજ પાસ હવે,
વિણ વાંક શું આવડો દંડ દીધો ?

જગલોક પૂછે : 'તુજ ભાન કયહાં ?'
મુજ એક જવાબ : 'લૂંટાઈ ગયું !'
કહે : 'ભાન વિહીનનું કામ નથી.'
સહુએ મુજને કરી દૂર દીધો.

મુજ અગ્નિભર્યાં હૃદયે ઊછળે
કંઈ આહ અનેક ઊના ધીકતા !
મુજ ગાલ ગરીબ સહે નયનો થકી
અગ્નિભર્યાં તણખા ખરતા !

ઘર છાંડી ભમું પડછાય સમો,
દિનરાત તણો નવ ભેદ રહે.
મુજ પ્રિય હિંડોળ સૂનો ઝૂલતો,
મુજ પુષ્પબિછાયત સૂની પડે.

તુજ બાગની ફૂલઘટા મહીંથી
રજનીભર જો બુલબુલ રડતું;

રુદને ડૂબતા મુજ જિગરને
તુજ નામ વિના ન કશું જડતું.

કહે, આતમન તપ્ત, અતૃપ્ત શરીર
કયહાં ડૂબકી દઈ શીત બને ?
સખી ! બારી થકી જો જરાક જુઓ,
તુજ અમૃત-આંખમહીં વિરમે !

○ ગઝલ ○

સનમના ચશ્મમાં દીઠી
ઝળકતી રોશની મીઠી;
જિગર વાચું રહે શાનું ?
ગયું એ ઊઠી પરવાના !

જિગર જોડે બદન દોડે,
પૂછે માશુક ક્યાં પોઢે !
સૂવા માગે સનમ સોડે !
અમે મિસ્કિન મરવાના.

મરીશું તો ભલે મરતા;
જિગર અંગાર છો ખરતા;
ન વારો કો દીવાનાને,
અમે બસ ઇશ્ક કરવાના.

સનમના હાથમાં પ્યાલી,
અજબ સમશેર ત્યાં ચાલી.
ઝૂકી તલવારની ધારે
અમે બસ પ્યાલી ભરવાના.

ભલા શી મોતની ભીતિ ?
સનાતન પ્રેમની રીતિ :

કબરની મિટ્ટી માંહેથી
પ્રણયપલ્લવ ઊછરવાના.

બની ગુલ મોગરો લાલા,
ચમેલી કે બકુલમાલા,
કઠિન માશુકની છાતી
ઉપર આશક ઊતરવાના.

ઝુકાવી કિશ્તી ભરદરિયે
અમો પાગલ નહીં ડરીએ,
સનમ-દિદારની આશા
તણા દોરે જ તરવાના,

ન પરવા કિશ્તી છો ડૂબે;
ભયાનક વારિ છો ચૂમે;
રસીલું નામ માશુકનું
અમે અંતે ઊચરવાના.

ન સિંધુ : એ જીવનવારિ !
ન મૃત્યુ : એ અમર ક્યારી !
સનમને ઓળખી હૈયે
મરીને બસ ઊગરવાના.

મરી જાશું, મટી જાશું,
જગતમાંથી ફીટી જાશું;
સનમના યાદમાં મરતાં
સજીવન સ્નેહ ઝરવાના !

# જોગીને સંદેશ

○ લય-વનવગડામાં ભૂલી પડી ત્યાં અમૃત પ્યાલો પીધો છ ! ○

ભ્રકુટીને મટકાવી, ભુરકી ભભરાવી કો જોગી ગયા !
ઘેલી કરી એક ભોળી બાળા; અંતર અગ્નિ સળગાવ્યા !
મારા નાના જોગી સંતાયા !

વન વન ભટકી પગલાં ગોતું, સાદ કરું પડછાયાને.
બાલા જોગી મૌન ધરંતા; ગાળું મારી કાયાને.

ભણકારે હું ભૂલી પડું ને ભગવે રંગે ભ્રમિત બનું.
મનમોહનની ભ્રમણા જાગી, ભડભડ બળતું કુસુમ-તનુ.

પ્યાસી ભૂખી ભાન ભૂલી હું ! નયણે આંસુધાર વહે.
પરદેશી જોગીને મારી અંતરવાતો કોણ કહે ?

હસતી આંખો, મરકલડાં મુખ, ખીંટળિયાળા કેશ ઝૂલે,
તપ ઝળહળતો દેખી કહેજો : વ્હાલીને એ કેમ ભૂલે ?

# વિધવા

° વસંતતિલકા °

ભાલે ન ચંદ્રક, ન કંકણુ હસ્ત માંહ્ય;
ધાર્યું શરીર પર વસ્ત્ર જ એક શ્વેત;
ચક્ષુ જડયાં ક્ષિતિજમાં, ખસતાં ન ત્યાંથી;
ભાળી રહી પૃથિવી પાર ગયેલ પ્રિય !

સ્વસ્તિક નિર્જીવ સમો કરનો ય વાળી
ઊભેલી આરસ તણી પૂતળી શી બાળા !
શું એ હશે જડ ?—ન સુન્દરતા કદી યે
ચૈતન્ય વિણુ જગમાં નજરે ય આવે.

ચૈતન્ય એ જડ મહીં બદલાયું લાગે;
એક સ્થળે તન અને મન તીવ્ર ચોંટયાં;
હાલે ન કાંઈ—પણુ માત્ર જ વસ્ત્ર હાલે;
કે કો ક્ષણે ત્વરિત પાંપણુ હાલતી'તી.

આકાશ મધ્ય થકી સૂર્ય ઢળી જઈને
રોતાં રતાશ ભર કિરણુ રેલાતો'તો.
ગાલે ઝીલી લગીર રશ્મિ સુબાલ જાગી ?
કે કંઠથી અસીમ દુઃખ પુકારી બોલ્યું ?

લલિત ]

'નયન વાટડી શી નિહાળવી ?
નચવતી હવે મૂર્તિ તો ગઈ.

ઠરી રહો સદા! શુષ્કતાભર્યા
જીવનમાં જુઓ મૃત્યુના ભણી.

હૃદય શેં હવે ધડકવું ગમે?
ધડક ઝીલતા પ્રિય એ ગયા!
ઉજડ તું બન્યું તો ય શેં જીવે?
પ્રિય તણી નથી સોડ દેખવી.

સાખી ]

અંધકાર જગમાં ભર્યો, મુજ અન્તર અંધાર;
એક ઘડી ઘડી ઝબકતા નાથ તણા ભણકાર!'

શાર્દૂલવિક્રીડિત ]

આકાશે નથી વાદળી, નવ હજી વીતી ગઈ રાત્રિ વા;
ક્યાંથી આ સમયે તુષાર સરીખાં ભીનાં ખરે મૌક્તિકો?
વાણી બોલતી? કે અબોલ નયનો વિલાપ ઉચ્ચારતાં?
ક્યાંથી કર્ણ વિષે પડે હૃદયને રેલાવતી પંક્તિઓ?

ગરબી ]

'આંસુડાં પાછાં વળો, પાછાં વળો!
હાં રે હવે અંજલી ધરીને કોણ ઝીલશે?
હો આંસુડાં પાછાં વળો, પાછાં વળો!

હાં રે હારી થાકી વિયોગિની આ બેસશે.
હાં રે એના ભીના કપોલ કોણ લૂછશે?
હો આંસુડાં પાછાં વળો, પાછાં વળો!

હાં રે આગ ઊના નિસાસે હૃદય ધીકશે !
હાં રે ત્યારે થાકેલાં ચક્ષુ કોણ ચૂમશે ?
હો આંસુડાં પાછાં વળો, પાછાં વળો !

સાખી |

જે પંથે પ્રિય પરવર્યાં તે પંથે જ પ્રયાણ !
એક મૃત્યુ દર્શાવતું પ્રિયતમની એંધાણ !'

# પ્રકીર્ણ

# પતન

• ઢાળ–હું તો પ્રેમની જોગણ પિયુને શોધવા ચાલી •

અહ સંતજી! પગ પાવડી પરથી જુઓ આ ખસી ગયો.
તમ પુણ્યભર પગને જુઓ જરી ધૂળ અડકી અહો!
અરે લપસી ગયો પગ હો!

હતી અડગ મેરુસમી સમાધિ આજ સુધી ભાળી,
એ અચલતા બદલાઈ, ક્યમ ગયું ધ્યાન તમ હાલી?
સમાધિ શું તમે ટાળી?

અગ્નિ તણી ચિનગારી નો'તી તમ હૃદય દીઠી;
અણધારી જ્વાલામુખી તણી જ્વાલા ભભૂકી ઊઠી!
–જગતને લાગતી જૂઠી!

વૈરાગ્યશોભન વલ્કલો પર શું રહ્યું ઝબકે?
સોનારૂપાના તાર! એ ક્યાંથી દિલે ચમકે?
વિલાસો કાં રમે પલકે?

આશ્રમ તમારો આજ દિન સુધી જાણતા સૂનો:
ક્યાંથી પડે પડછાય ચારુ સુન્દરીતનનો?
ખરું સહુ? કે બધાં સ્વપ્નો?

ઋષિજી કમંડલું આપનું ઢોળાતું આ રઝળે!
પાણી પીશો ક્યમ? રૂપલા બેડલું પડે નજરે!
કંઈ ગુલબદલ વારિ ભરે?

તમ ભવ્ય ભાલ થકી ભુંસાઈ ભસ્મ ગઈ સઘળી!
ખૂટી ભસ્મ? કે કુંકુમ તણા લેપનની વૃત્તિ થઈ?
ગયું મન સિદ્ધિમાં શું વહી?

# 'બાલ કૃષ્ણ

• નૃત્યગીત •

લય–મામ પાહી ગોપાલ બાલા ક્રિષ્ણા

ઝીણા ઝીણા તારલિયા ટમકે ઝીણા,
ચન્દ્રીની વાગે વીણા
રમવા આકાશે ક્યાંથી જવું ?—ઝીણા ઝીણા.

વાદળી પચરંગી ઊડે ભરી ભરી આભ !
એની પાંખે, હાં હાં રે એની પાંખે,
એ કોણ બેઠું ઝાંખે ?
રમવા વાદળીએ ક્યાંથી જવું ?—ઝીણા ઝીણા.

સાગરને સામે તીર નાચે પરી !
રમવા સાથે, ભરવા ફૂલ એને માથે,
પગલી ભરવા સંગાથે
તરતા તરતા કો ઝાઝે જવું—ઝીણા ઝીણા.

# જીવનનાં તેજ

○ લય-હું તો ઝબકી જાગી આજ ○

જીવનનાં તેજ છવાયાં આજ,
આવો ભેગાં રમીએ.
કંઈ ઇન્દ્રધનુષ ચિતરાયાં આજ,
રંગીન ગરબે ફરીએ.

એકલ મહા તેજમાંથી રંગતનાં બુંદ ઝીણાં
ઝરમર વરસંત સલૂણાં આજ,
રંગીન ગરબે ફરીએ—જીવનનાં.

પુષ્પો વેલડીઓ વૃક્ષો માનવ ને દેવકાયા,
એ રંગત માંહી સમાયાં આજ,
આવો ભેગાં રમીએ—જીવનનાં

સૂરની સૂરાવલી માંહે સંગીત સંતાયું મીઠું;
એક તત્ત્વ રમંતું દીઠું આજ,
રંગીન ગરબે ફરીએ—જીવનનાં.

જીવનની જ્યોત જાગી, સોહમ્ સોહમ્ રઢ લાગી;
કો એકલ નાળી વાગી આજ,
આવો ભેગાં રમીએ—જીવનનાં.

# ઘંટી

• ગરબો •

મારી ઘંટીને બબ્બે આંખો,
હો ઘંટી મારી ઘમ્મર ઘૂમે,
મારી ઘંટીને બબ્બે પાંખો,
હો ઘંટી મારી ઘમ્મર ઘૂમે, ઘમ્મર ઘૂમે.

હાં રે એની આંખે જગત ભાસે રૂડું;
હાં રે એની પાંખે જીવનભર ઊડું.
હો ઘંટી મારી ઘમ્મર ઘૂમે, ઘમ્મર ઘૂમે.

હાં રે એનું ભૂંડું કદી નવ ભાખો;
હાં રે એણે પોષ્યાં છે માનવી લાખો.
હો ઘંટી મારી ઘમ્મર ઘૂમે, ઘમ્મર ઘૂમે.

હાં રે ભરી આંખડી એ અમ્મર સોહાગે;
હાં રે એમાં જગની યે ભૂખ બધી ભાંગે.
હો ઘંટી મારી ઘમ્મર ઘૂમે, ઘમ્મર ઘૂમે.

ગાય હૃદય રેલાવતાં ગીત ગભીર રાગે;
હાં રે સૂણી સાહ્યબો સારી રાત જાગે.
હો ઘંટી મારી ઘમ્મર ઘૂમે, ઘમ્મર ઘૂમે.

રાજતી શું માવડીની મૂર્તિ એ થાળે?
હાં રે ઘસી જાત એ તો પરિયાંને પાળે.
હો ઘંટી મારી ઘમ્મર ઘૂમે, ઘમ્મર ઘૂમે.

## ગુલામોનું ગીત

○ લય-મારે ઘેર આવજો માવા ○

અરે મારા માલિક બાપુ હો ?
મારે તારે એક જ હાપું;
વિધિએ લલાટે જે છાપ્યું હો !
તેને જીવ જાતાં ન ઉથાપું—અરે૦

માલિક ! તારી આંખે નિહાળું,
ચાલું તારે પાય;
મનમાં નહિ સંતાપ જરા,
જીભ ગાણું તારું ગાય—અરે૦

જોરથી જકડો દેહને, માલિક !
લાગે ઘણેરી બીક.
થરથરતો એકલડો હું કોની
ઝીલી શકું નહિ ઝીક—અરે૦

મોજમઝા બધી ભોગવીએ
એ તારા પુણ્યપ્રતાપ;
તારી નજર રખે દૂર કરે !
અમે કરશું ક્યાં મા ને બાપ ?—અરે૦

ગાળમાં ગમ્મત ! ઘોલે શું લગરીક
ફટકાએ વ્યાકુળ;

મીઠી નજર પળવાર મળ્યે, બાપુ !
ચાટું હું પગની ધૂળ—અરે૦

ગાડે જોડ, કે જોતર હળમાં,
પોઠ તણો શો ભાર ?
બે ટંક રાબ કે રોટલો દેજે,
ગાશું તુજ જયકાર—અરે૦

આશ અને અભિલાષમાં એટલું,
કાયમ રહો શિરતાજ !
એક જ એ વર માગું હું, તારે
આશરે કરીએ રાજ !—અરે૦

## ચાલ્યો તું તો શહેરમાં !

ચાલ્યો તું તો શહેરમાં કોડે, હો !
ભલા શાને ગામડું છોડે !
અલ્યા શેં ઉતાવળો દોડે, હો ?
ફૂટ્યું ભાગ્ય શાને ફોડે ?

શહેર મહીં મિલ્લ મેલડી ફૂંકે ?
ધૂ મ ના ગો ટે ગો ટ;
હૈયે ભર્યો અંગાર, રખે તને
લાગતી એની ચોટ !
એને જોઈએ માણસ ખાવા !
ઊનાં ઊનાં લોહીનાં ના'વા !

વીજળિયાં કંઈ ગાડાં દોડે
કચરે માનવી રોજ;
દોડતાં ના'વું, દોડતાં ખાવું,
દોડતાં સૂવું, એ મોજ !
ઘડી બેસાય ન પગ વાળી;
બધી મોજ મૂકી બાળી.

મોટા મોટા મહેલ ઊંચે કરતા
વાદળ સાથે વાત;
તો ય તસુ તને ભોંય મળે નહિ;
ભીંસાય તારી જાત,

માથાંપગ ભીંતે અડકે;
સૂવું પડે ક્યાં તો સડકે.

રસ્તા પહોળા ને હૈયાં ટૂંકાં,
પોસાય ના મહેમાન;
સગુંવહાલું ભૂલચૂકથી આવ્યું—
નીકળી જાયે જાન!
બધા જીવ બળિયલ પાપી;
પરોણાગતને ઉથાપી.

નાટક ખેલ સિનેમા સટ્ટા
હોટલ ખાણાં ને ચા,
ઊજળા ઠગ ને હસતી વન્ત્રી
જોઈએ તો શહેરમાં જા!
રોગે પછી રોજ તું સડસડજે
વિના મોત એક દી મરજે!

ખેતર ઝૂંપડી ગામડું છોડી
શહેરમાં ખોળે સુખ;
ભૂલ્યા, ન સમજે શહેરને લાગી
બ્રહ્મરાક્ષસની ભૂખ!
તને કાચો કાચો ગળશે.
તોયે એની ભૂખ ન ટળશે!

## ગામડિયા

ગામડિયા હો ! ગામડિયા !
પુષ્પપ્રફુલ્લિત ગામડિયા !
ગામડિયા હો ! ગામડિયા !
કુદરત અંકિત ગામડિયા !

મોર તમારે આંગણિયે;
બુલબુલ બેસે નાવણિયે;
કોકિલ ડાળે ઝૂલંતી,
રસના ટહુકા રેલંતી.

રંગ ઝીલો ઓ ગામડિયા !
રસ પી લ્યો ઓ ગામડિયા !
ગામડિયા હો ! ગામડિયા !
પ્રકૃતિપૂજિત ગામડિયા !

ગામડિયા હો ! ગામડિયા !
સ્વચ્છ શુભોભિત ગામડિયા !
ગામડિયા હો ! ગામડિયા !
ગાતા રણગીત ગામડિયા !

આળસ સામે યુદ્ધ મચે.
વેરઝેર શું જંગ મચે.
દૈન્ય ડરાવણ હો બંકા !
મર્દ બની ગજવો ડંકા.

રાજ ધરંતા ! નહિ રંકા.
ગામ બને કુંદન લંકા.
હઠ કરી ને આગળ ધપતા
હજી ધસો એ વીરવંકા !

ગામડિયા ! હો ગામડિયા !
મારગ લાંબા છે પડિયા !
ગામડિયા ! હો ગામડિયા !
રખે ઘડીપળ આખડિયા !

રોગભોગ નવ મર્દ બને.
દરિદ્રતા નવ વીર કને.
ગામડિયા નીતનીત શોધંતા
જ્ઞાન તણા મહા અંજનને.

ગામડિયા જગ ઝગમગશે !
આનંદે ધસમસ ધપશે !
હિંદતણી આશાકલગી સમ
ગામડિયા નવ ડગમગશે.

## ચીલો સમાર

'તારી વાંકી કટાર ક્યાં ભાંગી ?
ગ રા સિ યા ર ણ શૂરા.
તારી તેજે ઝબોળી તલવાર—
કીધ એના કોણે ચૂરા ?'

'મારી વાંકી કટારે લોહી ના રેડ્યાં;
મારી તાતી તલવારે રણ ના ખેડ્યાં;
મારા ગામડાંનો મારગ ગોઝારો,
પડે માણકીનો પગ ના એકધારો.
એ મારગે ભાંગી મારી કટાર;
તોડી એ મારગે તેજી તલવાર.'

'તારી ગાવડીનાં ઝાંઝર ઝમકે નહિ,
તારી આંખો શેં આજે ચમકે નહિ ?
અરે ગાયના ગોવાળ !
ગાયના ગોવાળ !
તારી કડિયાળી ડાંગ આજ ખણકે નહિ.'

'મારી ગોરીનો પગ આજ મચકાયો,
મારી આંખે તે મેહુલો છલકાયો.
ગોઝારા ગામનો ગોઝારો મારગ !
મારું ગોવાળું ત્યાં ભૂલી આવ્યો.'

'તારા ધોરીના છૂટચા અછોડા,
પટેલ!
તારા હળના તે તૂટચા અંકોડા,
પટેલ!

ભૂખી ભોમ આજ માનવી ભૂખે મરે!
જગના ઓ બાપ! કેમ બ્હાવરો ફરે?'

'મારા હાથીશા ધોરી આજ ખૂંપ્યા,
કે મારગ ગોઝારો.
મારાં લાકડાં ને હળ આજ તૂટચાં,
કે દુઃખનો ક્યાં આરો?

ભૂખી ધરતીમાં હવે શું ઓરું?
માવડી ભૂખી! ભૂખ્યાં છોરુ.
ગોઝારા માનવીનો ગોઝારો મારગ;
મૂરખા તે માનવીનો વાંકલો મારગ;
રડતા તે માનવીનો કળતલ મારગ;
મારી ખેતી હું આજ ત્યાં ભૂલી આવ્યો.'

'શાને વગોવે અલ્યા શૂરા એ રાહ?
જરા ચીલો સમાર કોક વાર, ઓ ગરાસિયા!
તારો ગિરાસ ઘેર આવશે.



નિ. ૯

શાને રડે મોંઘો મારગ, ગોવાળ ?
જરા ચીલો સમાર કોઈ વાર, ગરાસિયા !
તારું ગોવાળું ઘેર આવશે.

શાને તું બાવરો, ઓ ભૂમિના બાળ !
જરા ચીલો સમાર કોઈ વાર, ભોમરસિયા !
અન્નપૂર્ણા ઘેર આવશે.’

# બાલા વીર

બહાદુર બંકા !
ડંકા વાગે.
રણશિંગાં રણભેરી ગાજે.
જાગો ઊઠો બાલક વીર,
ધારો ટોપ કવચ ને તીર.

સનનન સનનન છૂટતાં બાણ,
સમશેરો વાળે ઘમસાણ.
ભાલાની વરસી રહી ઝડી,
બાલાવીરની સ્વારી ચડી.

ભૂત પ્રેત ને રાક્ષસ દૈત્ય,
કંપી ઊઠતાં – અંગે શૈત્ય.
બાલાવીર ધસીને જાય.
દુશ્મન ભાગ્યા–શ્વાસ ન માય.

મારો બહાદુર
ઝાડ ચડશે, પહાડ ચડશે,
ખીણ ને ખોમાં ઊતરશે,
ચાંદા સાથે વાત કરશે;
સૂરજને એ બાથ ભરશે,
આભને ઊંડાણમાં લેશે
ભરી હથેલી દરિયો પીશે.

ફૂલ તણી કલગી એ ભરશે,
વા'લી પરીને માથે ધરશે.
તારાની ટીલડીઓ કરશે,
પરી લલાટે ભાવે ભરશે.

એને બોલે
આકાશેથી ગંગ ઊતરશે.
અમૃતની છોળો ઊભરશે,
સ્મિત તણા ફુવારા ઊડશે.
આનંદે આખું જગ ડૂબશે.

એને માગ્યે
અમ્મર ફળ દેવો કો દેશે,
સેવાનો કો કિરીટ ધરશે.
બાલાવીર સિંહાસન ચડશે.
ત્યાંથી ઊતરી હસતાં હસતાં
ભાંડુ ભેગાં રમતાં રમતાં
સહુમાં એ ફળ વહેંચી દેશે.

# દેવો મજૂર

ધોમ ધખ્યા, ધરતી લખલખતી,
ઊની ઊની લૂ વાય;
ચકલું સુદ્ધાં ચીં ચીં કરે નહિ;
કોણ ઊભું બાળે કાય ?
લૂછે કોણ હાથે પરસેવા ?
ગમાર મજૂર એ દેવો !
મજૂરોને થાક તે કેવો ?

મોટે મળસ્કે દેવો જાગે
લેતો રામનું નામ.
રામે દેવાને બદલે દીધું
સડક ખોદ્યાનું કામ !
દેવો ઊઠે ધીમે પગલે;
દરિદ્રતા તો ઢગલે ઢગલે;
નિરાશા તો પગલે પગલે.

ઝૂંપડીએ પૂરાં ઝાંપો નહિ, સૂતાં
ભોંયે બાલ નવસ્ત્ર.
બૈરી એની મૂઠી બંટી ને બાવટો
ખાંડી રહી શ્રમત્રસ્ત
ખુલ્લી છાતી–ઊતરે રેલા !
ચીંથરિયા ચણિયાની વેલા,

અડધો રોટલો ફાળિયે બાંધી
હેવો નીકળે બહાર;
શ્વાન ભસે ને શિયાળ રુએ—
નવ હેવાને કંઈ દરકાર.
હેવે નાખી કોશને ખાંધે.
શુકન શાં ગરીબોને લાધે ?

દિન ચઢયે હેવો સડકે આવે,
હેતો મુકાદમ ગાળ;
હેવાને હૈયે એ પહોંચે નહિ,
એને ગાળથી ના ચઢે ઝાળ.
કોદાળીને ઝટપટ ઉપાડી,
સડક કેરી કપચી ઉખાડી;
હેવે એમ બપોર વિતાડી.

બટકું બટકું કરતાં અડધો
રોટલો પૂરો થાય
થાક ભર્યા હેવાની દૃષ્ટિ
ઝૂંપડીએ ઝટ જાય.
વૈરી બળતે પગ આવી,
મરચું અને રોટલો લાવી.

ભૂખ મટી ? કે પેટ તણો ભૂંડો
ખાડો નવ પુરાય ?
હેવાનું મુખ કે આંખ ન બોલે;
બોલે એની કૃશ કાય :
હેવો રોજ ભૂખે મરતો;
મૃત્યુ કેરી સડકે સરતો.

મુકાદમની મસ્તી મશ્કરી
ઝીલતી બૈરી જાય.
મોત સમી શીત આંખ દેવાની
ક્ષણભર જો અબકાય.
દેવા પાછો કામે ભાગે;
મજૂરોને ખોટું ન લાગે.

સાંજ પડે એ સડકે ફરશે
સાહેબ શેઠ અમીર.
દેવા, સમાલ! રખે કોઈ રસિયાને
હેલો લાગે લગીર!
જશે તારી આજની રોજી!
મજૂરે થવાય ન મોજી.

તારી સમારેલી સડકે ફરશે
વાહન અપરંપાર.
તારે જવું પગ ઘસતાં દેવા,
પગદંડીની યે બહાર.
તારે ક્યાં છે બંગલા રહેવા?
ઝૂંપડીએ રસ્તા કેવા?

બાબાગાડીમાં ફૂટડાં બાલક
હસતાં રમતાં જાય.
દેવા, તારાં બાલક માટે
ધૂળના ઢગ ઊભરાય.
મેલાં ઘેલાં વસ્ત્ર વિનાનાં,
ઉછેર મજૂર એ નાનાં!
મજૂરોને રૂપ તે શાનાં?

નાટક, મિજલસ, કીર્તન, ભાષણ :
ધનવાનોનાં કામ.
તારે કાજ સમાજે રચિયાં
આનંદ કેરાં ધામ !
રખે થાકી ભમતો, ભૂલ્યા !
તારે માટે પીઠાં ખુલ્લાં.

# કલાપીને

શિખરિણી ]

મીઠી વાણી તારી વિલસી અમ કુંજે ભરી ભરી.
અનેરાં સ્વપ્નો ને અણુદીઠ ભૂમિદ્વાર ઊઘડયાં.
વિશુદ્ધિ વીંટેલી પ્રણયતણી મૂર્તિ સ્ફુટ બની–
નમેલી ચિંતાએ–તરતી ધીમી અશ્રુ ઉદધિમાં !

* * *

વહ્યાં તારાં હૈયાં થકી ઝરણુ ઝાઝાં પીયૂષનાં,
રસાળી લીલી ને રૂપવતી બની ગુર્જર ભૂમિ.
યુવા તેને તીરે વિહરી પઢતી સ્નેહલ–ગીતા.
મીઠું સાચું રોતાં પ્રણયી યુગલો નિત્ય શીખતાં.

* * *

અનુકંપાપ્રેર્યું હૃદય તુજ ગુંજે રુદનને,
મીઠા રોતા સાદે ઝીલતી તુજ વાણી હૃદયને;
સિતારી તારીમાં મધુર મધુરી વાગી ગત, ને
અમૂલા કો કંપે શરીર મન ઊઠયાં ઝણઝણી.

* * *

મંદાક્રાન્તા ]

અશ્રુણીનાં નયન તુજનાં પ્રેમની પીડ રોતાં;
ચિરાયેલું જિગર તુજનું પ્રેમને કાજ તલસે;

તારી વાણી ઊચરી રહી કો પ્રેમની શુદ્ધ ધૂન;
તારે હસ્તે દિન નિશ ફરે એક એ પ્રેમમાળા.

* * *

અનુષ્ટુપ ]

પ્રેમને પ્રભુની વચ્ચે વિરાજી રહી એકતા.
બતાવ્યું તેં બની પ્રેમી પ્રભુતામાં પ્રવેશવા.

* * *

[શિખરિણી ]

અરે તારે રોવું દુઃખની ભરી ભાળી છબી કંઈ,
વળી રોવું નૃત્યે થનગન થતાં પ્યારી સમીપે;
ઊંડા આભે રંગો નીરખી, વળી સંગીત મીઠડાં
સૂણી; તારા ભાળી, નયન કયમ તારાં છલકતાં ?

* * *

ઉપજાતિ ]

નિઃશ્વાસના શ્વાસ ભર્યું જીવિત,
સાધુત્વમાં પ્રેમ તણું નિમિત્ત;
સંપૂર્ણ આનંદની શોધ માંહે
અથાગ કો ત્યાગ ભરેલ ચિત્ત.

* * *

શાર્દૂલવિક્રીડિત ]

આછી ખીલી કલા–કલાપ અધૂરો વિસ્તારને પામતો–
કેકા સ્થિર બની સૂરાવલી તણા પ્રસ્તારને પામતી–
આંબા ટોચ પરે ઊડી ઝૂકી–ઝૂલી માપે નભોમંડલ–
ક્યાંથી વાણી વિલાઈ ?–રંગ ફટક્યો ?–સંકેત પામી કલા !

* * *

શિખરિણી ]

અરે મારા મોંઘા મયુર, કયમ વીંધી ગગનને
ઊડી ચાલ્યો, છોડી લીલી બનતી વાડી અમતણી ?
જરા તો જોવું'તું ઉજડ બનતાં આંગણુ ભણી !
જરા રોકાવું'તું હૃદય કુમળાં ખાખ કરતાં !

* * *

ઉપજાતિ ]

સંતો તણો સંગ ગમે સહુને;
કલાધરોની સહુ મૈત્રી શોધે.
કરાલ કાલે પડતાં અકેલાં
ઉપાડિયો શું પ્રિય એ કલાપી ?

* * *

અનુષ્ટુપ ]

તારી યાદી તણા ફેલ્યા કલાપી પડઘા બધે !
હવે એ પડઘા કેરી ઘડી મૂર્તિ તને નમું !

# ભક્તિગીત

# પાર ઉતારો

૦ ભૈરવી ૦

દયાઘન, પાર, ઉતારો નાવ !
આંધી ચઢી, જલ મારે ઉછાળા,
ભૂલ્યો સુકાની દાવ—દયાઘન.

સૂરજ અસ્ત, શશી તારાગણ
અંધારે ગરકાવ—દયાઘન.

નીરતીર બની એક ગૂંથાયાં !
કરવી કોને રાવ ?—દયાઘન.

સઢ તૂટયા, ખોવાય હલેસાં,
મારગ નાથ ! બતાવ—દયાઘન.

પાપભાર જરી હળવો કરીને,
ડૂબતી નાવ બચાવ !—દયાઘન.

# ઈશ કે અલ્લા?

० ગઝલ ०

ઊઠે આવાઝ કાબાથી :
સુણો પંડિત! ‘યા અલ્લા!’
ઊઠે એ શબ્દ કાશીથી :
સુણો ‘ૐકાર’ અય મુલ્લાં!

અયે કાઝી! અહો બ્રાહ્મણ!
બતાવો ભેદ ક્યાં ભાળ્યો?
કહો એ ઈશ કે અલ્લા
વસે ક્યાં? ક્યાંઈ નિહાળ્યો?

ચરાચરમાં રમે તેને
પુકારી રામ પૂજે છે!
કહેશો કે યવનહૃદયે
કદી ના રામ ગુંજે છે?

કહો છો પાઠ અલ્લાની
રહમ દુનિયા ભરી ફેલે!
પૂછું, કાફર જિગરમાં શું
રહમ દરિયાવ ના રેલે?

ન પૂછો પંડિતોને, ના
પકડશો કાઝીના છલ્લા.
મિલાવી હાથ ને હૈયાં
પુકારો : ઈશ એ અલ્લા!

# મનને

૦ લય-નાથ કૈસે ગજકો બંધ છોડાયો ૦

અરે મન શાને રહે છે તું દોડી ?
માયાજાળ હજી તેં ન તોડી—અરે મન૦

સંપત્તિ કાજે તું શ્રમ બહુ વેઠે
સતનાં સમરણ છોડી;
ધ્યાનમાં ધાર ભૂલ્યા મનવા
નહિ સાથ આવે એક કોડી—અરે મન૦

રૂપ રસે લલચાઈ ધાયો
ધ્યાન વિષય શું જોડી;
શેં નવ સમજે ડૂબતી ચાલી
આ પાપભરી તુજ હોડી ?—અરે મન૦

અસ્થિર ભોગ જગતના ત્યાગી તું
સાર વસ્તુ લે ગોતી;
કાચ કથીરમાં મોહે નહીં,
એ તો હંસલા ચરતા મોતી—અરે મન૦

# રામનામ

હાં રે મને રામનામની લ્હે લાગી.
હાં રે મેં તો જીવનજંજાળ બધી ત્યાગી.
હાં રે મને રામનામની ધૂન લાગી.

છોડયાં ઘરબાર મેં તો, મૂકયાં માબાપ, રૂડી
રામા નિહાળી ગયો ભાગી.
લખમી લટુકડાં કરતી તરછોડી, હું તો
રામનો બનિયો વિરાગી!
હા રે મને રામનામની ધૂન લાગી.

રાજાનાં રાજપાટ, શાહોની બાદશાહી,
એની ન ભૂખ મને લાગી.
રામબાણ વીંધે મારું હૈયું! હું હરખે
રામચરણ રહ્યો માગી.
હાં રે મને રામનામની ધૂન લાગી.

# ઘટઘટમાં રમે

○ રાહ–હે...જંગ જામ્યો જગંત ○

હે...દેવ ઘટઘટમાં રમે !
નથી એહ પૂજા માગતો,
નથી સેવના સંભારતો.
હે...દેવ ઘટઘટમાં રમે.

નથી પૂછતો તેં કેટલા ઉદ્ધારિયા;
નથી માગતો હિસાબ તેં કો તારિયા;

તું આપમાં જગ ખાપ ભાળી
કેમ ના વિરમે ?
ભલા, એ દેવ ઘટઘટમાં રમે—હે...દેવ.

તું ભાવના ભંડાર તુજ બસ ખોલી દે.
તું આંખથી આંસુ સદાયે ઢોળી દે.
શાને તને ઝોળી અને
સાધુની ટોળી ગમે ?
ભલા, એ દેવ ઘટઘટમાં રમે—હે...દેવ.

# સૃષ્ટિસમ્રાટ

૦ રાગ-સોરઠ ૦

વિરમે તિમિરા ભરી ભય રાત,
ઊતરે ઉષા ચુમિત પ્રભાત—વિરમે.

મોહ સુષુપ્તિ પ્રમાદ ભર્યાં મન
નવજીવનમાં કરે નિમજ્જન;
બલ સૌન્દર્ય સમાધિ વિરાજન
ઝીલે દિવ્ય પ્રતાપ—વિરમે.

નયન તૃપ્ત ઉષ્મા વિચી ઝીલી,
આત્મકમલ ઊઘડ્યું પૂર ખીલી;
બંસી અનાહત રસીલી ગુંજે
શબ્દબ્રહ્મ તણી વાત—વિરમે.

કામ ક્રોધ ભય લોભ વિલાતાં;
અભય અખંડાનંદે ગાતાં
દિન નિશ રસમસ્તીમાં ન્હાતાં
શમી ગયા ઉત્પાત—વિરમે.

સવિતુ પ્રભુનાં ભર્ગ વરેણ્યં
મંગલમય વેરંતા કુમકુમ,
જ્યોતિ ઝબકે ઝગમગ અનુપમ
અનવધિ રસસંપાત !—વિરમે.

ઊઘડ્યું એક અનંત સિંહાસન,
દિવ્ય મુકુટ કો ઊતરે પાવન,
નટી-નટ નાચે ઝુમઝુમ, બનીએ
સૃષ્ટિ તણા સમ્રાટ—વિરમે.

# પ્રાર્થના

શિખરિણી ]

પ્રભો ! મારી નાની મુરલી મહીં તો સૂર બસૂરા !–
ઝીલે ક્યાંથી તારા સૂર-જલધિની ભવ્ય ભરતી ?
અધૂરા આલાપો, ઘડી ઘડી તૂટે તાલ, ગીતમાં
મિલાવું ત્યાં ક્યાંથી લયવિલયની ભીષ્મ રચના ?

ટૂંકી દૃષ્ટિ મારી નીરખી અટકે યોજન થકી;
પિછાને એ ક્યાંથી અટપટી મહા રંગરમણા ?
ઊંચા આભે ફોડી અણુકથ ઊંડાણે ઊતરતી
મહાજ્યોતિ તારી કયમ કરી શમે અલ્પ નયને ?

અણુ માંહે વ્યાપી, અણુદીઠ વિરાટો વીંટી વળી
રમંતી તારી એ કયમ પરખું હું નિષ્કલ કલા ?
ટૂંકા મારા હસ્તે કયમ કરી ભરું બાથ તુજને ?
પ્રવેશે કો દ્વારે જડ શરીર એ સૂક્ષ્મ ભવને ?

ત્રણે કાલો વચ્ચે વહન કરતી ઝીણી ઝરણી–
વિલાતાં ને વહેતાં જીવનજલ આછાં ઘડી ઘડી.
ટૂંકી ઊર્મિ ક્યાંથી ગગન છલકંતા જલધિનાં
મહામોજાં ભેગી ઊછળી ઊડી ફેલાય સભરે ?

કિનારે બાંધેલાં જીવન છીછરાં માનવ તણાં !
ટૂંકી દૃષ્ટિ ! ક્યાંથી સ્વરૂપ ઊતરે કાચછબીમાં ?

દીવાલો બાંધીને રચી ભુલવણી ! જ્ઞાન અધૂરું
બિચારું શું બોલે તુજ કૃતિ વળી આકૃતિ વિશે ?

ઉપજાતિ

ઓઢી ખણી વંજુ પગે ચડાવી
રચી રહ્યાં દેવલ બાલકો કૈં;
એવાં અમારાં સહુ મંદિરો છે–
અપૂર્ણ ને અલ્પ કુરૂપ ખોટાં !

અરે દયાસાગર ! તો ય તારા
કો અંશની ઝાંખી જરાક દેજે.
કદી અમારાં ગીત તાલહીણાં
મહીં જરા તારી મીઠાશ દેજે.

ક્ષણે ક્ષણે પામરતા અમારી
બતાવતી માનવ બુદ્ધિ સીમા.
લગીર ખોલી પડદો અભેદ્ય
એકાદ દેજે તુજ દિવ્ય રશ્મિ !

વસંતતિલકા ]

તારા પવિત્ર ચરણે ધરતો સમસ્ત:
બુદ્ધિ શરીર મન સંસ્કૃતિ–સૌ અધૂરાં !
ખીલ્યું વિશાળ અભિમાન અહંપણાનું
તે યે ધરું !–સહી શકાય ન ભાર તેનો.

ઉપજાતિ ]

દયા ભર્યાં દ્વાર સમીપ બેઠો !
નથી અધિકાર, ન પાત્રતા છે !

અણુ થકી અલ્પ! છતાં હું શોધું
વિરાટ વ્યાપી તુજ પુણ્યજ્યોતિ.

અનેક જન્માન્તરની ન ભીતિ,—
અનંત યુગો ઊઘડે વિલાય—
અનંત આવૃત્તિ ભલે રચાય—
બેસીશ એ દ્વાર સમીપ હવે!

એકાદ કો દિવ્ય ક્ષણે દયાનાં
કપાટ ખુલ્લાં ઊઘડી જશે, ને
મર્યાદ બાંધી મુજની અહંતા
ભળી જશે તારી અનંતતામાં.

# તુંહી તુંહી

○ રાગ-સુંદર વેણુ વાગી ○

આતમ જ્યોત દેખી, જ્યોત દેખી.
હાં રે છબી આંખે હતી એ વણ પેખી;
હો આતમ જ્યોત દેખી, જ્યોત દેખી.

હાં રે જ્યોત ઝળકે અગમ ગઢ ટોચે;
હાં રે જ્યાં ન તારા સૂરજ શશી પહોંચે.
હો આતમ જ્યોત દેખી, જ્યોત દેખી.

હાં રે ગંગ થંભી, જમુના માગ ચૂકી.
હાં રે મહેરામણે માઝા મૂકી.
હો આતમ જ્યોત દેખી, જ્યોત દેખી.

હાં રે પ્યારા પિંજરની જાળીઓ તૂટી.
હાં રે હંસ ઊડયો આ માળખેથી છૂટી.
હો આતમ જ્યોત દેખી, જ્યોત દેખી.

હાં રે કોણ મારું ને કોણ તારું ભૂલ્યાં.
હાં રે સહુ એક બની એકતામાં ઝૂલ્યાં.
હો આતમ જ્યોત દેખી, જ્યોત દેખી.

હાં રે વાણી અટકી, ને જ્ઞાન રહ્યું મોહી.
હાં રે એક ભણકારો વાગે તુંહી તુંહી !
હો આતમ જ્યોત દેખી, જ્યોત દેખી.

# ગગનોના ઘુમ્મટ બાંધ્યા

॰ ભજનની ધૂન ॰

ગગનોના ઘુમ્મટ બાંધ્યા, પાથરણે પૃથ્વી માંડી,
શૂન્ય શિખરનાં સિંહાસને હો જી—
ઝળહળતી જ્યોતે બેઠા ! ટૂંકી છે નજરો મારી;
તલસું હું જોવા ઉજાસને હો જી—ગગનોના.

સાયરનાં નીર રાજા ! ચરણો પખાળે તારાં;
મેઘના અભિષેક સાથે વરસે હો જી;
ખોબામાં પાણી ધરી પામર હું ઊભો રાજા !
ચરણે એ પાણી કેમ સ્પર્શે હો જી ?—ગગનોના.

સૂરજ ને ચાંદા કેરા દીવા અખંડ જ્યોત,
નવલખ તારાની દીપમાળ રે હો જી,
ઘરના તે ગોખે હું તો દીવો પ્રગટાવી બેઠો,
આરતીનાં આળપંપાળ રે હો જી !—ગગનોના.

વનનાં વન ખીલ્યાં ફૂલ્યાં ચંદન મળિયાગરાં હો,
વિશ્વંભર અભરે ભરિયા હો જી.
તુલસીને પાને હું તો રીઝવવા રાંક બેઠો !
રેલાવો રાજા રહેમ દરિયા હો જી—ગગનોના.

કણકણને કાંકરે ને પળપળને ચોકઠે
બાંધી મહેલાતો, નાથ ! ન્યારી હો જી !

જુગજુગની જાતરામાં [આંખો ઝગમગતી થાવા
ઉઘાડી રાખો એક બારી હો જી-ગગનોના.

એક મુઠ્ઠીમાં રામ અમૃત ભરિયાં ને
બીજીમાં કાળ કરાળ રે હો જી!
બન્ને છે દોર તારા, ફાવે તે ફેંક વ્હાલા!
ચઢશું આ આખી ઘટમાળ રે હો જી.-ગગનોના.

# જલિયાનવાલા બાગ

# જલિયાનવાલા બાગ

○ અનુષ્ટુપ–ઇન્દ્રવજ્રા-વસંતતિલકા–શિખરિણી–મન્દાક્રાન્તા–ઉપજાતિ ○

## વિકાસ !

રચાવી ઘોર સંગ્રામો આનંદે માનવી પશુ !
ભારતો નિત્યનાં ખેલે ! તો ય ના તૃપ્ત કરતા.

આહાર કાજે કંઈ શસ્ત્રધારે,
શોણિત રેડંત વિહાર અર્થે,
સંહારમાં કીર્તિ જ્વલંત ખોળે,
મૃત્યુ મહીં માનવી મત્ત ડોલે !

મુક્તિદ્વાર ઉઘાડી વિશ્વપતિનાં સાયુજ્ય અપાવવા
ધારી ગર્વ ગૃહે ગૃહે વિલસતા ધર્મે જુઓ શું કર્યું ?
ફેંક્યા કૈંક ચિતા મહીં–શૂળી પરે, કૈં કંઠને કાપિયા,
સમશેરો ઝળકાવી શાંતિ બદલે ! નાખ્યાં વધુ બંધનો.

ને દંડ શાસન સહે કિરીટો જ્વલંત
ધારી વિરાજતી સિંહાસન રાજસત્તા !
સોને મઢી ઝલકમાં ન દબ્યાં દબાય
યુદ્ધો ભયાનક, કૃતઘ્ની ખૂનો, નિસાસા.

પ્રજાના સંઘોએ વિકસિત કરી રાષ્ટ્રસ્ફુરણા:
અને વ્યક્તિદોષો સમૂહજીવને વિસ્તૃત બન્યા.

રચ્યાં રાષ્ટ્રો મોટાં મૃદુ મૃદુ પ્રજાઓ ગળી જઈ;
પશુસામર્થ્યોની જગતભર પૂજા થઈ રહી!

બુદ્ધિની કો ચપલ રમતે હાસ્ય મીઠાં હસીને,
ધીમે ધીમે જગતભરમાં ફેલી સામ્રાજ્ય લીધાં.
સ્વાર્થે વીંટ્યાં સ્ફુરણ નિજનાં પુણ્ય માનીમનાવી
ઉપાડે છે જગ સકલનો ભાર ગૌરાંગ રાષ્ટ્રો!

સિંહ ને વ્યાઘ્રથી નાના પેઢી દૂર નથી ખસી!
આકૃતિભેદમાં ઢાંક્યાં હૈયે જો વરુ ઊછળે!

## ૨ જર્મન યુદ્ધ

પશ્ચિમમાં ગર્જન ઘોર આ શું?
શું મેઘ માથે પ્રલયો ઝઝૂમે?
જ્વાલામુખી જાગી ગળે સમષ્ટિ?
વિદ્યુતશ્રેણી જગને શું બાળે?

નહીં નહીં એ જડ ક્રૂર ખેલો!
સૃષ્ટિ તણી અંધ ગતિ ન! એ તો
પરોપકારી સહુ રાષ્ટ્ર ગોરાં
પરોપકારાર્થ જરા રમે છે!

ને એ રૂડી રમતમાં કંઈ તખ્ત તૂટ્યાં!
માટી મહીં ભળી ગયા મણિજ્યોત તાજ!
તારાગણો ઝબકીને ખરતા તિમિરે,
શૂન્યે ડૂબ્યા ઝળકતા નૃપવંશ એમ.
બુદ્ધિવિકાસ પણ રાક્ષસી રાહ ચાલે,
સંહારસાધન થકી બની સજ્જ મહાલે.

શીળી સમીરલહરી હૃદયો રમાડે,
વંટોળ રૂપ ધરી તે જગને ઉજાડે!

આરંભી યાદવી ભયાનક મધ્ય દેશે
બાહુ બલિષ્ઠ ઊંચક્યો-દીધ વજ્રઘાવ,
સંસ્કારી ને રસિક ફ્રાન્સ ધ્રૂજી ઊઠ્યું ત્યાં,
કંપી ઊઠ્યું જગ સમસ્ત પ્રચંડ ઘાવે.

કોના વિશાલ ઉર ઉપર ઘા ઝિલાય!
કો સ્નાયુબદ્ધ બલબાહુ ખમે પ્રહારો?
રાષ્ટ્રીય ગર્વ તણી આસુરી રેલ ખાળી
કોણે ત્વરિત બની સંસ્કૃતિને ઉગારી?

કર્મો તણા ફલની આશ નિવારી જેણે
અધ્યાત્મ રંગ થકી રંગીન આર્ય દેશ
ઉચ્છંગથી વીર તનુજ ખસેડી હોંશે
જો પાઠવે ભર રણે વિષ અર્થલાભ!

નિચોવિયું રક્ત, નિચોવ્યું દ્રવ્ય,
નિચોવિયા પ્રાણ પરાર્થ કાજે;
વર્ષી ગયેલી જલવાદળી શો
ફિક્કો બન્યો હર્ષથી આર્ય દેશ!

માગે ત્યહાં જીવન અર્પવામાં-
પરાર્થ કાજે સુખ હોમવામાં-
નિર્દોષ કાજે મરી મીટવામાં
આનન્દતી આર્ય પ્રજા સમસ્ત.

ઝીલીને ઘાવ નિવાર્યું ચંડ વિક્રમ શત્રુનું;
હર્યાં તેજ, ફરી બાજી, મિત્રોને વિજય વર્યો

## ૩ આશા

અહો વાગ્યા ડંકા, વિજયધ્વજ ખુલ્લો ફરફરે !
મહામંદિરોમાં પ્રભુજગવતા ઘંટ ઘણણે !
પ્રભુની સૃષ્ટિમાં પ્રભુમય હવે જીવન થશે;
અઘોરી વીરો ક્રૂર કતલ હવે અટકશે

સુખે નિદ્રા લેશે વ્રણપીડિત આ માનવ પ્રજા;
બન્યાં યુદ્ધો હવે ગત જીવનના ભૂતભડકા.
મુત્સદ્દીના લેખે, વળી કદીક વાણીની પટુતા
થકી ના ખેંચાશે ખડગ ! જગમાં આશ ઊભરે.

સંગ્રામશક્તિહીણ કૈં પ્રજાઓ—
દબાયલી અજ્ઞ અશિષ્ટ જાતો—
વળી પરાધીન દુઃખે પિડાતાં
અનેક રાષ્ટ્રો બનશે સ્વતંત્ર.

ગોરા અને શ્યામ સમાન થાશે,
અજ્ઞાની ના જ્ઞાની થકી લૂંટાશે,
બલિષ્ઠનાં જંજીર ના જડાશે
અશક્તને પાયે ! — ઉમેદ જાગી.

ના ભ્રાતૃભાવ ઘટશે વળી ધર્મભેદે;
દાટી હવે વિષભર્યાં સહુ વેર જૂનાં
આનંદભેર કરી કોટી સમાન ભાવે
પ્રત્યેક માનવ જગે ખીલવે બગીચો.

સત પંથમાં વિચરશે સહુ બુદ્ધિશાળી,
વિજ્ઞાન વિષ પર પુટ ચઢાવશે ના,

સંગ્રામ કાજ ધનને વળી માનવીના
અબ્જોની આહુતિ હવે બનશે નિરર્થ.

ભૂખે પીડચા લાખો ગરીબ કરમાં અન્ન પડશે,
શીતાગ્નિથી ધ્રૂજયાં કંઈક શરીરે વસ્ત્ર અડશે,
મહારોગે દાઝયાં, પીડિત વળી ઝેરી જ્વર થકી
કંઈ લાખો ભાંડુ તણી અનલજ્વાલા અટકશે.

કાવ્યો માંહે નવ ચમકશે અશ્રુધારા હવે તો,
ગીતો માંહે કરુણ લય ને સૂરની ઓટ થાશે;
ચિત્રો માંહે હૃદયચીસ કે દૈન્યના ભાવ દોરી
રંગો સંગે રુદન કરશે ચિત્રકારો હવે ના.

ભાવભીના જગે હવે સ્નેહ ઉલ્લાસ જાગશે,
સ્વર્ગને પાથરે નક્કી માનવી પૃથિવી પટે !

## ૪ આશાના ખંડેર

ગર્જી ગયો મેહ, પરંતુ બિંદુ
છાંટચું ન એકે ધરતી લૂખીમાં.
કોકિલ ટહુકી ક્ષણ આમ્રડાળે,
ઉલુકવાણી નભ ફોડી જાગી.

પ્યાલો સુધાનો મુખ માંડતામાં
ઊઠી મહા ઝેર તણી વરાળ.
પુષ્પો તણી સેર ગળે વીંટાળી–
ડોલી રહી નાગફણા ત્યહાં તો.

સંગીતના સૂર બન્યા બસૂરા;
સિતાર તારે નવ મેળ જામ્યો;

ના તાલમાં પાય પડે લગીર,
અંગાર આખા મહીં જો ઝબૂકે !

આલિંગનો બની ગયા ક્રૂર નાગપાશ,
ને ચુંબને વિષ હળાહળ જો ઉતાર્યાં;
હાસ્યે છુપાઈ શઠતા તણી તીક્ષ્ણ ધાર.
મૈત્રી નીચે સળગી સ્વાર્થની આગ જૂની.

મિત્રો અને શત્રુ તણા દ્વિપક્ષ
જીવ્યા. ઢળ્યો દુશ્મનશિર્ષ દોષ.
ને દોષના દંડ – ગુનાની શિક્ષા
પડયાં પરાજિત પ્રજા શિરે હા !

સંસ્થાન ઝૂંટયાં, કંઈ મુલ્લક તોડયા,
ભાંગ્યા સીમાડા રચી રાજ્ય જુદાં,
ને દંડના ભાર ભરી ભરીને
કૈં શત્રુના ખંભ દીધા દબાવી.

બંધુભાવ વધારવા વધી રહ્યા સામ્રાજ્યના શબ્દમાં
હિંદે આશ સમાનતા તણી ધરી સંબંધને સાચવ્યો;
સંગ્રામો જીતી દેશમાળ નવલી ગૌરાંગ કંઠે ધરી,
ગૌરાંગી હૃદયે પ્રસન્ન બનીને કાળો દીધો કાયદો.

આશાભર્યા ભારત વર્ષ કેરા
લલાટમાં શામલ ચાંદલો કર્યો;
મૈત્રી ઘમંડે ઘૂમતી પ્રજાને
બતાવિયાં જંજીર પાયમાં જડયાં.

હાલી ચાલી શકાયે ના, વાણી બોલ જ શીખવ્યું,
પીંજરું એવું રૂપાળું ભેટમાં હિંદને મળે.

## ૫ વરદાન-ભંગ

મોજી ધનિક ધનનો રણકાર ખેલી
શેં ચીડવે ધન રહિત ગરીબ ટોળાં ?
સામર્થ્ય સ્ફૂર્તિભર વીર હસી રહે શું
દુઃખે પીડાઈ રડતા કંઈ દુર્બલોને ?

આકાશ વીંધી ઊડતા ખગથી ગવાશે
મીઠાં ગીતો, નીરખી પક્ષવિહીન પંખી ?
બેડી જડચો શરીરભાર વહી રહેલા
બંદી પરાધીન ભણી હસી શું શકાય ?

મૈત્રી સ્વીકારી, બલિદાન અમાપ માગી
સ્વાતંત્ર્યસિદ્ધિ વરદાન દઈ રૂપાળાં;
બુદ્ધિવિલાસ વળી વાણીની મોહિનીમાં
રોલેટની સ્મૃતિ દઈ વરદાન ભાંગ્યાં !

દુઃખે વીંધ્યા દેહે નવ શું કદી નિઃશ્વાસ મૂકવો !
જવરે ઘેર્યાં દેહે મુખ થકી 'અરે' ના ઉચ્ચરવું ?
રૂંધાતા હૈયાની અગન હળવી કૈંક કરવા
અરે આછું આછું નયન પણ ના ભીંજી શકીએ ?

રૂપાળી બેડીના ખણખણ થતા પાશ જીવતા
તૂટે એવી ચોખ્ખી કચમ ન અભિલાષા ઉચરીએ ?
ભૂખ્યા રાખી અંતે ચકચક થતો પથ્થર મૂકી
ધરાવે થાળી ત્યાં કચમ ન હળવી ગાળ દઈએ ?

અશક્તો ખીજીને કરી શું શકતા ભાષણ વિના ?
અશક્તો રિસાયે મુખ મરડી :'મિટિંગ' ભરશે !

કરી વાતો ભારે, ખુશ થઈ ઠરાવો કરી કરી
સુખે નિદ્રા લેતા અતુલ નિજ વીરત્વથી રીઝી !

... ... ...

ખૂંચાવ્યાં શસ્ત્રોને, ખૂંચવી લીધું હૈયાહીર બધું,
લૂંટાવી લક્ષ્મીને જીવન મહીં દારિદ્રય ભરિયું.
નશો નિર્માલ્યોને મુખ ધરી કહી શાન્તિ સ્થિરતા !
અરે શેં ના જાણ્યું ?
ઈતિહાસે નાણ્યું—
પગે દાબેલો કો કીટ પણ મરે તો ય ઝૂઝતો !

હસે જંજીરોથી જડી દઈ ગુલામો ધનપતિ,
તિરસ્કારે ગોરા નીરખી જડ કાળાની વિકૃતિ;
મીઠી મોંઘી વાની
જમી છાની છાની
સુખે સૂતા જાગી કુપિત બની આરામ તૂટતાં
અરે મારે સોટી કળકળી રહ્યા ભિક્ષુક પીઠે !
સત્તાધીશ સદા માને સત્તા સત્ય ! ચળે નહીં.
અને એ મૂર્તિ પારાની કોને હાથ રહી નહિ !

## ૬ કત્લેઆમ

અશસ્ત્ર પાસે નવ શસ્ત્ર એકે—
બ્રહ્માસ્ત્ર હૈયા મહીં તો ય છે છૂપ્યું !
સ્વમાનની વજ્રભરી અણીમાં
સામર્થ્ય છે શસ્ત્ર સહુ વિડારવા !

જાગ્યું જ્યારે જરી આત્મમાન.
નિઃશસ્ત્ર શત્રુઓની મહીં ઉતારવા,

સમગ્ર હિંદી જનતાની સાથે
પંજાબને એક પ્રાણે સભા થઈ.

સત્તાધીશો સહી શકેલ વિરોધ લેશ —
છો એ વિરોધ મહીં પ્રેમ ભરે ઉછાળા;
છો શબ્દ, રીસ, વિનતી સહકાર ભંગ
માંહે વિરોધ તણી જ્વાલ બને પવિત્ર.

અન્યાય ઝાળે જનતા જલંતી
ફેલાઈ બાગે જલિયાનવાલા,
બે શબ્દ તીખા ઘડી બોલી, દાઝ્યા
હૈયા તણી શાંતિ ક્ષણિક લેવા.

સામ્રાજ્યસ્વામિત્વ તણી તુમાખી–
કૌશલ્ય ભાને મદમત્ત મસ્તી–
પરાજિતોને હસતો ઘમંડ–
એ વૃત્તિના કો અવતાર શો એ

સેનાપતિ ડાયર જો ભભૂક્યો!
ધસ્યો લઈ સૈન્ય સશસ્ત્ર ક્રૂર,
વાંકી ભ્રૂકુટી કરી દંત પીસી
ઘેરી લીધો બાગ ભરાઈ રોષે.

આપી નહિ ચેતવણી લગાર,
આજ્ઞા દીધી ના વીખરાઈ જાવા;
ના શિષ્ટ આચાર જરા ય પાળ્યો,
નિઃશસ્ત્ર ટોળા પર અગ્નિ છાંટ્યો.

ધાર્યું, વીરત્વભર્યું અદ્‌ભુત કાર્ય કીધું,
અગ્ન્યાસ્ત્રવૃષ્ટિ કરી રાજ્ય જતું બચાવ્યું,
વીરોની શ્રેણી મહીં અમ્મર સ્થાન પામ્યો,
જાણે ચઢંત કિરીટે કલગી રૂપાળી !

ભાગ્યો અશસ્ત્ર સમુદાય નિહાળી મૃત્યુ,
ના માર્ગ એક જડતો જરી નાસવાને;
ચોપાસ રૂંધી રહી બાગ તણી દીવાલો,
ખેલી રહ્યો કતલતાંડવ વીર ગોરો.

કૈં માનવી કુમળું મોત સ્વીકારવાને
કૂપે પડ્યાં, વળી બીજાં કચરાઈ ચાલ્યાં !
આશા તજી ખમી પ્રહાર ઢળી પડ્યાં ત્યાં !
ચોપાસ મૃત્યુ તણી જો ફરતી દુહાઈ !

જોયાં ન બાલ વળી વૃદ્ધ અશક્ત કાય,
જોયાં નહીં કુતૂહલે કંઈ આવનારાં,
જોયું નહીં દુષિત કોણ રહિત દોષ,
માર્યાં પ્રજાજન અશસ્ત્ર જ એક ધારે.

ના ડાયરે વ્યથિતની સુણી આર્ત ચીસો,
એણે ન જોયું જરી ઘાયલ પીડા સામે;
દુઃખે મરે તરફડી, પણ વીર ગોરો
દૃષ્ટિ કરે શું મરતી જનતાની સામે ?

હિંદે નિહાળી હતી નાદીરશાહી કત્લ-
એ તો ઝનૂનભરી શ્યામલ શસ્ત્ર લીલા !
એ કત્લને ભૂલવતું વીસમી સદીમાં
સંહાર ખેલન કરે સુધરેલ શ્વેત !

રુધિર બોળી કલમે લખાયું
પાનું ઈતિહાસ મહીં વધ્યું હવે !
સેનાપતિ ડાયર કેરું નામ
બન્યું ચિરંજીવી—ન હિંદ ભૂલશે !

પ્રજા તણા જીવનમાં જડાયો
નવીન કો ભાવ બની સુસ્પષ્ટ;
ભુલાય શું એહ મહાન ભાવ
ઝગી રહ્યો ડાયરશાહી માંહે ?

હિંદની સર્વ ભાષામાં શબ્દ સમૃદ્ધિ જો વધી !
શબ્દકોશે સ્વીકારાયો ડાયરી શબ્દ સર્વથા !

## ૭ પ્રશ્નના પડઘા

શસ્ત્રના ઘાવની સાથે હિંદ હૈયા મહીં ખૂંપ્યું
તીણું લોખંડ !—હૈયાના ઘાવ કેરી નથી દવા !

નમાવ્યા દેહોને ચમચમ થતી ચાબુક વડે-
કરાવ્યાં સાષ્ટાંગે નમન ભય પીડા કરી કરી,
સલામો ગૌરાન્ગે બલથી લીધી કાળાશ પરખી-
ઘવાયા આત્માના વ્રણ ઉપર છાંટી લવણને !

ભલે નમે દેહ, નમંતુ શિર્ષ,
ભલે સલામો મુજરા ભરાય,
ન જ્યાં સુધી આત્મ જિતાય પ્રેમે,
નિરર્થ એ ભાવવિહીન ચાળા !

શસ્ત્રો તણી જીત પરાજયોની
કાતિલ શ્રેણી રચતી રહે છે;

જુલ્મે ઝીલેલી સઘળી સલામો
મહીં કટારો છૂપતી સદાય.

નિર્માલ્ય તેજહીન નિર્બળતા ભરેલી
કંકાસ કલેશ મહીં માણી રહેલ મોજ,
સામે મુખે મરી શકે ન કદી પ્રજા જે
તેને લલાટ ચીતરી પરતન્ત્રતા હા !

... ... ...

અહો માનવી માનવીને ય કાપે,
રચી રાજ્યને લોહી સ્વસ્તિક જાપે,
ચીરી બંધુની છાતી રાતા રુધિરે
લલાટે કર્યો ચાંદલો શૂરવીરે !

સત્તા ભલે બાંધતી કીર્તિમંદિરો,
પ્રજા ભલે કબ્ર સમાધિ બાંધતી,
શાહી કવીન્દ્રો વીરકાવ્ય છો રચે,
આંસુ ભલે રેડતી હિન્દની કલા.

સત્તા વિરોધી સહુએ શહીદો
પ્રતિનિધિ પામરતા તણા એ—
મૃત્યુ ઝીલ્યા દેહ રહિત ઓળા
ફર્યા કરે છે હજી બાગ માંહે.

ફિલસૂફ, રાજા, વીર, જાલિમોને,
સમાજશાસ્ત્રી વળી સેવકોને,
યાત્રી, પરાધીન, ધનિક સૌને
પુકારતા એ પડછાય પ્રશ્ન :

ગૌરાન્ગ દૃષ્ટિ ફરતી જગમાલિકીમાં,
શ્યામાન્ગની નજર છે નિજ શૃંખલામાં,
ને ગુપ્ત જંગી, વળી ચાસનવ્યૂહ સ્વામી;
એ સર્વને પૂછી રહ્યું જલિયાનવાલા :

સિંહ ને વ્યાઘ્રથી શું ના પેઢી દૂર હજી ખસી ?
હૈયે શું સર્વદા કોરી હિંસાની ઠારમી ગુફા ?

# નોંધ

**નિહારિકા :** ‘આકાશમાં ફરતા હવામય તેજસમૂહો—જેમાંથી ઘનાવસ્થા પામી ગ્રહો વગેરે બન્યા કહેવાય છે.’ (સાર્થ ગૂજરાતી જોડણીકોશ).

મારા મિત્ર શ્રી વિજયલાલ કનૈયાલાલ ધ્રુવના સમાગમે વર્તમાન વિજ્ઞાન તરફ ઉપજાવેલા રસનું આ કાવ્ય પરિણામ છે. ઘટ્ટતા વધે તેમ તેમ મૂળ ફરતા પદાર્થમાંથી કંઈક અંગો છૂટાં પડી જાય છે. તારા, નક્ષત્ર, રાશિ, ગ્રહ એ પરિણામ.

તેજતિમિર, અગ્નિશૈત્યનાં પ્રાથમિક અકલ્પ્ય મંથનોમાંથી ધીમે ધીમે સ્થિરતા અને ઘટ્ટપણું પ્રાપ્ત કરતી સૃષ્ટિમાં અંતે માનવી વિકસી આવે છે એ ભાવના કાવ્યમાં આલેખી છે.

કાવ્યનો લય—લાવણી—ટાગોરના ‘ભારત ભાગ્યવિધાતા’ કાવ્યના કેટલાક ટુકડાઓ પ્રમાણે.

**ખદ્યોત :** આગિયો.

**નિખિલ :** સર્વ—વ્યાપક.

**અહં—સ્વભાન :** Consciousness.

**ઇંધન ખૂટ્યાં હો ! :** પ્રજાજીવનમાં ઓટ આવતાં મુક્તિયજ્ઞ માટે સર્વસ્વ—જાત સુદ્ધાં હોમી દેવાનું આવાહન.

**ધૂમકેતુ :** બંડખોર માનસને વ્યક્ત કરતી ભાવના ધૂમકેતુની

ચર્ચામાં ગૂંથી છે. બંડ પણ જીવનનું એક આવશ્યક અંગ છે.

**કંકણ ખણખણતી વાન** : શનિની આસપાસ કંકણ સરખાં વર્તુલ હોય છે.

**વળી ભાલે રહોડચા ચંદ્ર** : પૃથ્વી જેવા કેટલાક ગ્રહોને ઉપગ્રહ–ચંદ્ર હોય છે.

જ્યમકે **રંગીન પરિધાન** : મંગળ, બૃહસ્પતિની રંગશોભા જાણીતી છે.

**દાશરથી** : દશે દિશામાં જેનો રથ ફરી શકે છે તે–સ્વતંત્ર.

**શ્વેતકેતુ** : ધોળો ધ્વજ–તારાની સાથે જોડાયલું વિસ્તૃત તેજવાદળ, જેના ઉપરથી ધૂમકેતુ પૂંછડિયા તારા તરીકે ઓળખાય છે.

**ઘેલી ગોપી** : આપણાં ગીતોમાં સંવાદ–પરસ્પર વાતચીત પણ ગોઠવાયલી હોય છે. દૃષ્ટાંત તરીકે નવરાત્રમાં શેરીએ શેરીએ એક વખત ગવાતું 'તમે અજાણ્યા અમે જાણીએ રે!' કયો પક્ષ શું બોલે છે તે ગીત સાંભળીને સમજી લેવાનું હોય છે.

પહેલી, સાતમી અને આવર્તનની લીટીઓમાં પ્રશ્ન છે. તેના ઉત્તર કૃષ્ણમય બનેલી ગોપી આપે છે.

**રસડોલન** : મારાં શંકિતહૃદય નાટકમાંનું આ પણ એક સંવાદ-ગીત છે. અવતરણચિહ્નમાં પ્રશ્નોત્તર સમજાય એમ મૂકચા છે.

**નિરાશા** : 'યારકી કોઈ ખબર લાતા નહિ.' એ ઉર્દૂ ગઝલ-નો અનુવાદ છે. મારા એક સદ્ગત મિત્ર છોટાલાલ ર. ભટ્ટ એ ઉર્દૂ ગઝલ બહુ સુંદર રીતે ગાતા–તે વખતે ગુજરાતીમાં કંઈક ભાવ ઉતાર્યા હતા.

**પતન** : સાધુને પણ તપભંગના પ્રસંગ હોય છે. એવા પ્રસંગને અનુલક્ષીને આ ગીત ઉદ્ભવ્યું હતું, જે મેં 'શંકિતહૃદય' માં એવા જ પ્રસંગ માટે ઉતાર્યું. આમાં ટીકા નથી, માત્ર વિષાદ-ભરી પૃચ્છા–સમભાવભરી પ્રશ્નમાલા જ છે.

**ગામડિયા :** કવાયત માટે–લેજીમ ડ્રિલ વગેરે માટે ગામડાંને ઉદ્દેશી આ ગીત યોજાયું છે.

**ચીલો સમાર :** ગામડાના રસ્તા–ચીલાનું મહત્ત્વ આ ગીતમાં બતાવાયું છે. ગ્રામશૌર્યના પ્રતિનિધિ ગિરાસિયા, રબારી–ગોવાળ તથા ખેડૂતને ચીલો–માર્ગ સરળ હોવો જરૂરનો છે. રસ્તાને અભાવે શૌર્ય, વ્યાપાર, ખેતી બધાં નિરુપયોગી બની જાય છે.

મૂક અભિનય તરીકે હવે ઓળખાવા માંડેલા નાટ્ય–સંગીત–પ્રકારમાં આ ગીત યોજાયું છે. ગીત ગવાતું જાય તે પ્રમાણે મૂક અભિનયસહ દશ્યો રંગભૂમિ ઉપર આવતાં જાય, એવો આ ગીતનો ઉપયોગ થઈ શકે એમ છે.

**કલાપીને :** રાજવી કવિ કલાપીને ઉદ્દેશીને આ કાવ્ય લખાયું છે.

**જલિયાનવાલા બાગ :** રોલેટ ઍક્ટની વિરુદ્ધ ઊઠેલા પ્રજા–પોકારની પશ્ચાદ્‌ભૂમિથી શરૂ કરી જલિયાનવાલા બાગમાં મળેલી સભા ઉપર જનરલ ડાયરે શસ્ત્રવૃષ્ટિ કરી આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું એ સને ૧૯૧૯નો પ્રસંગ આમાં આછી વિગતો સાથે આપ્યો છે.

જર્મન યુદ્ધને War to end War–યુદ્ધને અલોપ કરવાના યુદ્ધ તરીકે ઓળખાવાતું. એ યુદ્ધમાં હિંદે આપેલો ભોગ, જગતભરને આવેલાં સુખશાન્તિનાં સ્વપ્ન, અને એ સ્વપ્નભંગ થતાં જગતની જાગી ઊઠેલી કલહપ્રિયતા એ માનવસંસ્કારના ઇતિહાસની ભયંકર કરુણ કથા છે. તેની છાયા આપવા પ્રયત્ન થયો છે.

ઉપાડે છે જગ સકલનો ભાર ગૌરાંગ રાષ્ટ્ર–

The White Mans Burden.

શસ્ત્રના ઘાવની સાથે હિંદ ઉંચા મહીં ખૂપ્યું

તીણું લોખંડ!... ... ...

Iron has entered into the soul of India–બ્રિટિશ રાજનીતિજ્ઞોએ સ્વીકારેલું અને ઉચ્ચારેલું સત્ય.

**ગુપ્તજંગી**–છૂપી રીતે ક્રાન્તિ સાધવા મથતા ક્રાન્તિવાદીઓ.

**ચાસન વ્યૂસ્વામી**–ખુલ્લી રીતે યુદ્ધની યોજના ઘડતા સેનાપતિઓ.

# રમણલાલ વ. દેસાઈ

વડલા શા વિશાળ કુટુંબની જવાબદારી વહેતાં, વડોદરા જેવા મહત્ત્વપૂર્ણ ને પ્રગતિશીલ રાજ્યમાં ઉચ્ચ કક્ષાની વહીવટી કામગીરી દક્ષતાથી બજાવતાં, સંગીત-વ્યાયામ-રમતગમત-પુરાતત્ત્વ-સામાજિક સેવાકાર્ય એવા અનેકવિધ શોખ સાથે લેખનને પૂરક-પોષક એવી સંશોધનપ્રવૃતિમાં સતત રમમાણ રહેતાં રહેતાં માતબર અને મબલખ સાહિત્યનાં સર્જન દ્વારા ગુજરાતને અડધી સદી સુધી આ સિદ્ધહસ્ત સર્જકે પોતાની સાથે રાખ્યું હતું. રમણલાલ વ. દેસાઈનાં સાહિત્યસર્જન પાછળ ગુજરાત ઘેલું હતું. એમની નવી નવલ ક્યારે બહાર પડે છે તે જોવા-જાણવા ગુજરાત[illegible] વિશાળ વાચકવર્ગ ઉત્કંઠિત રહેતો. એમ[illegible] પાત્રો પરથી સંતાનોનાં નામ પડાતાં ! ત્યા[illegible] સંસ્કારિતાનો એક માપદંડ 'ર. વ. દે[illegible]ું સાહિત્ય વાંચ્યું છે કે નહિ' તે હતો. કેટકે[illegible] નવોદિત અને પછીથી પ્રતિષ્ઠિત લેખ[illegible] પ્રેરણાસ્રોત હતા ર. વ. દે.. એક [illegible] યુગને એમણે પોતાના સર્જનમાં સમેટ્યો અને બીજા યુગોનાં ચિત્રણ-અર્થઘટનમાંયે એને વિવિધ [illegible] સાંકળી લીધો છે. આ યુગમૂર્તિ વાર્તાકાર આજેય [illegible]થી [illegible]ંચાય છે. એમના વિપુલ સર્જનના અમર વા[illegible]સાને [illegible]મની જન્મશતાબ્દી નિમિત્તે, ફરી એકવાર કલાત્મક [illegible]યાકલ્પ કરી, પુનઃ પ્રકાશિત કરતાં ગૌરવ અને આનંદ [illegible]નુભવીએ છીએ...



જન્મ : ૧૨-૫-૧૮૯૨
નિધન : ૨૦-૯-૧૯૫૪

NIHARIKA
POETRY
R.V. DESAI
000000000181
MRP : Rs 40.00
R.R. SHETH & CO. Since 1926
Best Books for Generations